CMYK

Monday 09, November 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૫૭ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રી: વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

હનુમાનભાગડા ગામમાં ખાડીમાંથી ગેરકાયદેસર રેતી ખનન

(દમણગંગા ટાઇમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૮ : વલસાડના હનુમાન ભાગડા ગામ ની ઔરંગા નદીમાંથી નવીનગરી અને તળાવ ફળિયામાં આવેલા બાવડા મેદાન સામે વલસાડ પાલિકાએ ગંદુ પાણી રોકવા બનાવેલા ચેકડેમની આડમાં સાદી રેતીનું ગેરકાયદેસર અને બેફામ ખનન રોજેરોજ ચાલી રહ્યું છે. આ રેતી માફીઆએ ખાણ-ખનિજ વિભાગ રોયલ્ટી કે ભાગડાખુર્દ ગ્રામ પંચાયત ની પરવાનગી લીધા વગર ધોળેદિવસે ચોરી કરતા સરકારને લાખો રૂપિયાનું નુકસાન થતું હોય છે. વલસાડ શહેરમાંથી ઔરંગા નદી પસાર થાય છે. જોકે આ નદી હનુમાન ભાગડા, લીલાપોર, કોસંબા, ભદેલી હિંગળાજ તરફ જતી હોય છે. જોકે આ નદીમાંથી ધોબી તળાવ, છીપવાડ, બંદર રોડ, કે આજુબાજુમાં રહેતા અને રેતીના નાના નાના ધંધા સાથે સંકળાયેલા કેટલાક લોકો રેતી ચોરી કરી રહ્યા છે. અત્યારે હાલમાં છેલ્લા એક અઠવાડિયાથી વલસાડના હનુમાન ભાગડા, (ભાગડા ખુર્દ) ગામેથી પસાર થતી ઔરંગા નદી કિનારે આવેલા નવીનગરી અને તળાવ ફળિયામાં બાવડા ગ્રાઉન્ડની સામે નગરપાલિકાનું ગંદુ પાણી રોકવા માટે બનાવેલા ચેકડેમની આડમાં સાદી રેતીનું ગેરકાયદેસર અને બેફામ ખનન રોજેરોજ ચાલી રહ્યું છે. આ રેતી માફીઆએ ખાણ-ખનિજ વિભાગ હનુમાન ભગડા (ભાગડાખુર્દ) ગ્રામ પંચાયતની કોઈપણ જાતની પરવાનગી કે રોયલ્ટી લીધા વગર સરકારની રોયલ્ટીની ધોળેદિવસે ચોરી કરી રહ્યા છે. કેટલાક રેતી માફિયા ખાણ ખનીજ વિભાગ માંસબંધ રાખી આવા રજાના દિવસોમાં ગેરકાયદેસર ધંધો પૂરજોશમાં ચલાવી રહ્યા છે. રેતી માફિયાઓ રોયલ્ટી ભર્યા વગર કે પરવાનગી લીધા વગર બિન્દાસ કરી છે. પેટી કાઢી લઈ જતા સરકારની તિજોરીમાં લાખો રૂપિયાની ખોટ જતી હોય છે. ત્યારે જિલ્લા કલેક્ટર આવા ચોરી કરનારા ઈસમો પર તાત્કાલિક કાર્યવાહી કરે એવી ગ્રામજનોની માંગણી

Wishing you a
Very Happy Diwali &
Prosperous New Year

GAYATRISHAKTI
PAPER & BOARDS LIMITED

Plot No. : 799/1, 3rd Phase, G.I.D.C., Vapi - 396195,
Dist.Valsad(Gujarat),Tel : (0260) 2400451, 2401560

Gayatrishakti Paper & Boards Ltd. Unit-II

Plot No. : 5003/1,Sarigam GIDC Estate, Nr Manda Colony, Ta. Umrgon, Dist.Valsad(Gujarat)

Kherani Paper Mills Pvt. Limited
Gayatrishakti Paper & Boards Limited

Factory Address :
808/C, 3rd phase, G.I.D.C., Vapi - 396195, Gujarat INDIA,
Tel : (0260) 2400411, 2400294

VIBRANT
VEGETABLE MART

આપને તથા આપના પરિવારને સુખમય,
સમુદ્ધિમય, આરોગ્યમય, યશસ્વી નિવડે
તેજ પ્રભુ પાસે પ્રાર્થના સહ...
હાર્દિક શુભકામનાઓ

દિવાળી અને
નૂતન વર્ષની
હાર્દિક શુભકામનાઓ


મુકેશ બી. તિવારી
વાઈબ્રન્ટ શાકભાજી
માર્કેટના ચેરમેન


રાજેશ એમ. જયસ્વાલ
વાઈબ્રન્ટ શાકભાજી
માર્કેટના મહાસચિવ


સંપૂર્ણાનંદ એસ. તિવારી
વાઈબ્રન્ટ શાકભાજી
માર્કેટના મહાસચિવ

- : શુભેચ્છકો :-


વાઈબ્રન્ટ વેજીટેબલ માર્કેટ વાપીના હોદ્દેદારો
- મુકેશભાઈ બી. તિવારી (ચેરમેન)
- રાજેશ એમ. જયસ્વાલ (મહાસચિવ)
- સંપૂર્ણાનંદ એસ. તિવારી (મહાસચિવ)

■ અનિલ જયસ્વાલ ■ બલવંત તિવારી ■ પપુભાઈ યાદવ ■ ગોરખભાઈ જયસ્વાલ ■ સત્યા ઠાકુર ■ ગુલાબસિંહ ઠાકુર ■ પી.એસ. ઠાકુર ■ કે.એન.જી. ગુમા ■ પપ્પુ તિવારી
તથા સમસ્ત વાઈબ્રન્ટ વેજીટેબલ માર્કેટના વેપારી પરિવાર

વાપી વાઈબ્રન્ટ શાકભાજી માર્કેટ તરફથી વાપીમાં કોઈપણ ગરીબ અને અનાથ દિકરીના લગ્નમાં વાઈબ્રન્ટ શાકભાજી માર્કેટના વેપારીઓ તરફથી શાકભાજીનો સહયોગ આપવામાં આવશે.

વાપીના સર્વે નગરજનોને દિવાળી
અને નૂતનવર્ષ પર્વ
નિમિત્તે
હાર્દિક શુભકામના


શ્રી મનીષભાઈ બી. દેસાઈ
વાપી શહેર ભાજપ સંગઠનના પ્રમુખ


શ્રી કનુભાઈ એમ. દેસાઈ
નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ
વિભાગના કેબિનેટમંત્રી

વાપીમાં તહેવારને પગલે ગલગોટાના ભાવ બમણા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૮ : વાપી પંથકમાં દિવાળીના તહેવારને પગલે ફૂલોની માંગમાં વધારો થતાં ગલગોટાના ફૂલના ભાવમાં સીધો બમણો વધારો નોંધાયો હતો. સામાન્ય દિવસોમાં રૂ. ૫૦ પ્રતિ કિલોના ભાવે મળતા ગલગોટાના ફૂલ આજે દિવાળીના દિવસે રૂ. ૧૦૦ પ્રતિ કિલોના ભાવે વેચાયા હતા.

દિવાળી પર્વ તેમજ આવતીકાલથી શરૂ થતા નૂતન વર્ષને ધ્યાને રાખીને લોકો પોતાના ઘરો, મંદિરો અને વાહનોને ફૂલોના હારથી શણગારતા હોય છે. જેને પગલે વાપીમાં વહેલી સવારથી જ ફૂલોની ખરીદી માટે લોકોની અવરજવર જોવા મળી હતી. ગલગોટાના ફૂલ ઉપરાંત તૈયાર કરેલા ફૂલોના હાર પણ રૂ. ૮૦થી ૧૫૦ સુધીના ભાવે વેચાયા હતા.

ફૂલોના ભાવમાં થયેલા વધારા અંગે વેપારીઓના જણાવ્યા મુજબ, ગલગોટાના ફૂલ મહારાષ્ટ્રના નાસિક સહિત અન્ય વિસ્તારોમાંથી વાપીમાં લાવવામાં આવે છે. તહેવારો દરમિયાન માંગ વધવા ઉપરાંત પરિવહન ખર્ચમાં વધારો થવાને કારણે આ વર્ષે ફૂલોના ભાવમાં ઉછાળો આવ્યો છે. આમ, દિવાળીના પર્વે ફૂલોની વધેલી માંગ વચ્ચે ગ્રાહકોએ બમણા ભાવે ગલગોટાના ફૂલની ખરીદી કરવી પડી હતી.

વાપીમાં બિરસા મુંડા સર્કલની કામગીરી શરૂ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૮ : વાપી મહાનગરપાલિકા દ્વારા બિરસા મુંડાની જન્મજયંતી પૂર્વે વાપીમાં સર્કલ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

વાપીના રીંગરોડ અને નામધા મુખ્ય માર્ગને જોડતા ત્રણ રસ્તા ખાતે બિરસા મુંડા સર્કલ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

આગામી દિવસોમાં આવી રહેલી આદિવાસી જનનાયક બિરસા મુંડાની જન્મજયંતીને ધ્યાનમાં રાખીને વાપી મહાનગરપાલિકા દ્વારા આ સ્થળે બિરસા મુંડા સર્કલ બનાવવાની અગાઉ જાહેરાત કરવામાં આવી હતી. જેના ભાગરૂપે હવે સ્થળ પર કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે.



આ સ્થળે ચાર બાય ચાર ફૂટનું ફાઉન્ડેશન તૈયાર કરીને બિરસા મુંડા સર્કલ બનાવવામાં આવશે. જન્મજયંતી પૂર્વે સર્કલની કામગીરી પૂર્ણ થાય તે દિશામાં કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

બીલીમોરા બજારોમાં છેલ્લી ઘડીએ ખરીદીનો ધમધમાટ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા. ૦૮ : દિવાળી પર્વના અંતિમ દિવસોમાં બીલીમોરા શહેરના મુખ્ય બજારોમાં ગ્રાહકોની ભારે ભીડ ઉમટી પડતાં મંદીના માહોલ વચ્ચે વેપારીઓએ મોટી રાહત અનુભવી છે. શરૂઆતના દિવસોમાં બજારોમાં છવાયેલી સુસ્તી બાદ છેલ્લી ઘડીએ કાપડ, રેડીમેડ ગારમેન્ટ્સ, ઈલેક્ટ્રોનિક્સ, સુશોભન સામગ્રી તેમજ મીઠાઈ-ફરસાણની દુકાનો પર ગ્રાહકોની ભારે ચહલપહલ જોવા મળી હતી. શહેરના મુખ્ય માર્ગો ખરીદદારોથી ઉભરાઈ જતાં લાંબા સમય બાદ સારો એવો વ્યાપાર થતાં દુકાનદારોના ચહેરા પર રોનક પાછી ફરી છે.

ડાભેલની દિવ્યજ્યોતિ સ્કૂલમાં દિવાળીની ઉજવણી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૦૮ : દિવ્યજ્યોતિ હાયર સેકન્ડરી સ્કૂલ, ડાભેલ-દમણ ખાતે દિવાળી પર્વની ઉજવણી ખૂબ જ ઉત્સાહ, ઉમંગ અને હર્ષોલ્લાસ સાથે કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મકતા, કલાત્મકતા અને સાંસ્કૃતિક પ્રતિભાને પ્રોત્સાહન આપવા માટે આ પ્રસંગે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત ભગવાન શ્રીરામ, માતા સીતા અને લક્ષ્મણજીનાં પાત્રોની સુંદર રજૂઆતથી કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા મનમોહક નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું, જેણે ઉપસ્થિત સૌનું મન મોહી લીધું હતું.

નાના વિદ્યાર્થીઓ માટે દીવા સજાવટ, ગ્રીટિંગ કાર્ડ બનાવવાની અને લાઇટિંગ ડેકોરેશનની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે મોટા વિદ્યાર્થીઓ માટે રંગોળી, મહેંદી અને હેરસ્ટાઇલ સ્પર્ધાઓ યોજાઈ હતી. વિદ્યાર્થીઓએ પોતાની કલાત્મક






કુશળતા અને સર્જનાત્મકતાનું સુંદર પ્રદર્શન કરીને ઉત્સવના માહોલને વધુ રંગીન અને આકર્ષક બનાવ્યો હતો.

આ પ્રસંગે દિવ્યજ્યોતિ રૂરલ એજ્યુકેશન ટ્રસ્ટના ચેરમેન અને પ્રેસિડેન્ટ માનસ રંજન મહાપાત્રા તથા મેનેજિંગ ટ્રસ્ટી સત્યપ્રકાશ મહાપાત્રા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના પ્રેરણાદાયી અને આશીર્વચનસભર શબ્દો દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા તથા તેમના ઉજ્જવળ અને સફળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના મેનેજિંગ ટ્રસ્ટી સત્યપ્રકાશ મહાપાત્રા તથા આચાર્યા રૂપા સોગલી મૅમના માર્ગદર્શન અને દેખરેખ હેઠળ સુંદર રીતે કરવામાં આવ્યું હતું.

તેમના અમૂલ્ય માર્ગદર્શન અને સહયોગથી સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. તેમણે વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે સાથે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેવા, પોતાની પ્રતિભા વિકસાવવા તથા ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓનું જતન કરવા માટે પ્રેરણા આપી હતી.સમગ્ર ઉજવણી આનંદ, ઉત્સાહ અને ઉત્સવમય વાતાવરણમાં સંપન્ન થઈ હતી, જેના કારણે આ પ્રસંગ ઉપસ્થિત સૌ માટે યાદગાર બની રહ્યો હતો.

વાપીના બજારોમાં ખરીદી માટે ભીડ ઉમટી, ઉદ્યોગનગરના રસ્તાઓ સુમસામ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૮ : વાપી પંથકમાં દિવાળીના પર્વની ભારે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે. દિવાળીના દિવસે ઉદ્યોગોમાં જાહેર રજા હોવાના કારણે વાપી ઉદ્યોગનગરના રસ્તાઓ સુમસામ જોવા મળ્યા હતા, જ્યારે બીજી તરફ વાપી શહેરના મુખ્ય બજાર, ગુંજન અને છીરી વિસ્તારનાં બજારોમાં ખરીદી માટે લોકોની ભારે ભીડ ઉમટી પડી હતી. પ્રાપ્ત વિગતો મુજબ, વાપી જીઆઈડીસીમાં કેમિકલ, પ્લાસ્ટિક, પેપર મિલ, એન્જિનિયરિંગ અને ફાર્માસ્યુટિકલ સહિતની ૪,૦૦૦થી વધુ કંપનીઓ આવેલી છે. દિવાળીના તહેવાર નિમિત્તે આ કંપનીઓમાં કામદારોને જાહેર રજા આપવામાં આવતા ઔદ્યોગિક વિસ્તારના મુખ્ય માર્ગો અને આંતરિક રસ્તાઓ પર વાહનવ્યવહાર નહિવત્ જોવા મળ્યો હતો.

જ્યારે બીજી તરફ વાપી ટાઉનના મુખ્ય બજાર ઉપરાંત ગુંજન અને છીરી ગામના મુખ્ય માર્ગો પર આવેલી દુકાનોમાં ઘરવપરાશની ચીજવસ્તુઓ, કપડાં, ફટાકડા અને શાકભાજીની ખરીદી માટે મોટી સંખ્યામાં મહિલાઓ, પુરુષો અને બાળકો સાથે લોકો નીકળ્યા હતા. પરિણામે બજારોમાં ભારે ભીડ જોવા મળી હતી. ખરીદી માટે લોકોની અવરજવર વધતા કેટલાક માર્ગો પર ટ્રાફિકની સમસ્યા પણ સર્જાઈ હતી. આમ, દિવાળીના પર્વે એક તરફ ઉદ્યોગનગરમાં શાંતિ અને સુમસામ માહોલ જોવા મળ્યો હતો, તો બીજી તરફ શહેરનાં બજારોમાં તહેવારની રોનક અને ખરીદીનો માહોલ છવાયો હતો.

ધરમપુરના ગનવામાં યુવાધન ક્રિકેટ ગ્રાઉન્ડ ઉદ્ઘાટન કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા. ૦૮ : ધરમપુર જંગલ વિસ્તારના આંતરિયાળ ગામ દિનેશ,કલ્પેશ,અજય સહિતના અનેક યુવાનોથી બનેલા યુવાધન ગ્રુપ દ્વારા ગનવા ખાતે સુંદર ક્રિકેટ ગ્રાઉન્ડનું નિર્માણ કરવામાં આવ્યું જેનું ઉદ્ઘાટન સમસ્ત આદિવાસી સમાજના દક્ષિણ ગુજરાતના પ્રભારી અને જાણીતા ગોલ્ડ મેડલિસ્ટ જનરલ સર્જન ડો.નિરવ ભુલાભાઈ પટેલ અને આંબોસી ગ્રુપ ગ્રામપંચાયતના સરપંચપદના ઉમેદવાર શૈલેષ દેશમુખ,વિષ્ણુ ગાંવિત, સુરેશભાઈ સહરિયા, શીવાભાઈ ગાંવિત,કાર્તિક,કૃણાલ ભોયા,રાજેશ રાઉત અને ગામના



વડીલોના હસ્તે કરવામાં આવ્યું.

આ તબક્કે ૮ દિવસ સુધી ચાલનાર ક્રિકેટ ટુર્નામેન્ટમા ૪૮ જેટલી ટીમોએ ભાગ લીધો છે.આ તબક્કે ડો.નિરવ ભુલાભાઈ પટેલે ગામના બાળકો,યુવાનો,વડીલોને દિવાળીની મીઠાઈઓ ખવડાવીને મોઢું મીઠુ કર્યું હતું અને ઓછા નેટવર્કની અને શાળા,રસ્તા અને પાણીની સમસ્યાઓનું ત્વરિત નિવારણ માટે સરકારને અનુરોધ કર્યો હતો.

સોનવાડા આશ્રમશાળાના બાળકો સાથે દિવાળીની અનોખી ઉજવણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૮ : સામાજિક અને સેવાકીય ક્ષેત્રે અગ્રેસર રહેતા વલસાડ તાલુકાના રોલા ગામ વિકાસ ટ્રસ્ટ દ્વારા દીપાવલી પર્વ નિમિત્તે એક સરાહનીય પહેલ કરવામાં આવી હતી. ટ્રસ્ટના પ્રમુખ અને વલસાડ તાલુકા પંચાયત વાસણ બેઠકના ભાજપી સભ્ય ચિંતનભાઈ પટેલ તથા તેમની ટીમ દ્વારા વલસાડની સોનવાડા આશ્રમશાળા માં બાળકો સાથે દિવાળીની ભવ્ય અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

દિવાળીના પાવન અવસર પર આશ્રમશાળાના બાળકોના ચહેરા પર સ્મિત રેલાવવાના ઉમદા હેતુ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં બાળકો માટે સામૂહિક ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. ભોજન બાદ બાળકોને ફટાકડાનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેને ફોડીને બાળકો હર્ષોલ્લાસમાં આવી ગયા હતા. સાથોસાથ ડીજેના તાલે ગીતો પર બાળકો મન મૂકીને ઝૂમી ઊઠ્યા હતા અને સમગ્ર વાતાવરણ ખુશીઓથી ગુંજી ઊઠ્યું હતું. ઉલ્લેખનીય છે કે, રોલા ગામ વિકાસ ટ્રસ્ટ અને ચિંતનભાઈ પટેલની ટીમ દ્વારા વિસ્તારમાં અવારનવાર વિવિધ સેવાકીય અને સામાજિક કાર્યો કરવામાં આવે છે. ગામ અને આસપાસના ગરીબ તેમજ મધ્યમ વર્ગના પરિવારો માટે સતત મદદરૂપ બનતી આ સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓની સ્થાનિક રહીશો મુક્ત કંઠે પ્રશંસા કરી રહ્યા છે અને કાર્યકર્તાઓ પર આશીર્વાદ વરસાવી રહ્યા છે.

કોચરવાના શ્રી ફલેશ્વર મહાદેવ મંદિરમાં જલારામ જયંતીની ઉજવણી થશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૮ : વાપી જીઆઈડીસીના થડફેસ ખાતે આવેલા શ્રી ફલેશ્વર મહાદેવ મંદિર ખાતે હરિ ઓમ મિત્ર મંડળ દ્વારા આગામી તા. ૧૬ નવેમ્બર, ૨૦૨૬ને સોમવારના રોજ સાર્વજનિક જલારામ જયંતિ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે.

વાપી જીઆઈડીસી નજીક કોચરવા ગામે કાર્યરત હરિ ઓમ મિત્ર મંડળ દ્વારા આયોજિત આ મહોત્સવ અંતર્ગત સવારે ૧૧ કલાકે જલારામ બાપાની પધરામણી કરવામાં આવશે. ત્યારબાદ બપોરે ૧૨:૩૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે ૮:૩૦ કલાકે સમૂહ આરતી યોજાશે અને રાત્રે ૯:૩૦ કલાકથી ભજન-કીર્તન તથા રાસ-ગરબાની રમઝટ બોલાવવામાં આવશે.

આ ધાર્મિક મહોત્સવમાં મુખ્ય મહેમાન તરીકે કપરાડાના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી જીતુભાઈ ચૌધરી ઉપસ્થિત રહેશે.

સમગ્ર કાર્યક્રમનું આયોજન હરિ ઓમ મિત્ર મંડળના પ્રમુખ ધીરુભાઈ પટેલ તથા મંડળના સભ્યો દ્વારા કરવામાં આવી રહ્યું છે. મંડળ દ્વારા ભાવિક ભક્તોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી જલારામ જયંતિ મહોત્સવનો લાભ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ડાંગમાં અકસ્માતના ગુનાનો વોન્ટેડ આરોપી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સાપુતારા, તા. ૦૮ : ૦૮-૧૧-૨૦૨૬ ડાંગ જિલ્લાનાં સાપુતારા પોલીસ સ્ટેશન દ્વારા છેલ્લા પાંચ મહિનાથી અકસ્માતના ગુનામાં નાસતા-ફરતા અને બી.એન.એસ.એસ. (BNSS) ની કલમ ૭૨ મુજબના વોરંટના આરોપીને ઝડપી પાડવામાં આવ્યો છે.સુરત રેન્જ પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ, ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પુજા યાદવ અને નાયબ પોલીસ અધિક્ષક કે.આર.ડીમરીના માર્ગદર્શન હેઠળ સાપુતારા પોલીસ ઇન્સ્પેક્ટર જે.કે.બારીયા અને તેમની ટીમ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે.ગત દિવસોમાં સાપુતારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફોર વ્હીલ ગાડીના ચાલકે ગફલતભરી રીતે અને રોંગ સાઇડમાં વાહન ચલાવી મોટરસાયકલને ટક્કર મારી હતી,જેમાં મોટરસાયકલ સવાર ઈશાનભાઈ જીતેન્દ્રભાઈ જાદવનું ગંભીર ઈજાઓને કારણે મોત નીપજ્યું હતુ.

અને આરોપી ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો.આ ગુનામાં છેલ્લા પાંચ મહિનાથી વોન્ટેડ અને બી.એન.એસ.એસ. કલમ ૭૨ હેઠળનું વોરંટ ધરાવતો આરોપી ઈમરાન સ/ઓ નસરૂલ્લા (મૂળ રહે. દેવાનગેરે, કર્ણાટક; હાલ રહે. ઈમામનગર, દેવાનગેરે) સાપુતારા ચેકપોસ્ટ પાસેથી પસાર થવાનો હોવાની ચોક્કસ બાતમી મળી હતી.

આ ટેક્નિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સની બાતમીના આધારે સાપુતારા પોલીસે ચેકપોસ્ટ પર વોચ ગોઠવી આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુપ્રભાતમ્

આજનું પંચાગ

તા. ૦૯-૧૧-૨૦૨૬, **વાર :** સોમવાર **તિથિ :** કારતક વદ અમાસ, **સૂર્યોદય :** ૦૬ : ૫૩ **સૂર્યાસ્ત** ૦૫ : ૫૩, **ચંદ્રોદય** - ૦૬:૪૩ **ચંદ્રાસ્ત** - ૦૫:૪૭ **ચંદ્ર રાશિ :** તુલા, **નક્ષત્ર** - સ્વાતિ

આજનું રાશિભવિષ્ય

મેષ (અ, લ, ઈ) : આજે તમારા માટે મિશ્ર ફળદાયી દિવસ રહેશે. વેપાર અને રોજગારના ક્ષેત્રે ટૂંકી અને ફાયદાકારક મુસાફરીના યોગ બની રહ્યા છે.

વૃષભ (બ, વ, ઉ) : આજના દિવસે તમારા સ્વાસ્થ્ય અને આર્થિક સ્થિતિ બંનેમાં સારો સુધારો જોવા મળશે. કાર્યસ્થળ પર લાંબા સમયથી અટવાયેલા કામો પૂરા કરવામાં સફળતા મળશે.

મિથુન (ક, ઘ, ચ) : નાણાકીય દ્રષ્ટિએ આજનો દિવસ ઘણો સારો સાબિત થઈ શકે છે, ધન લાભની નવી તકો મળશે. જો તમે કોઈ નવો ને-જેક્ટ અથવા વ્યાપાર શરૂ કરવાનું વિચારી રહ્યા હોવ તો સમય સાનુકૂળ છે.

કર્ક (ડ, હ) : આજે ઘર-પરિવાર સંબંધિત બાબતોને કારણે મન થોડું અશાંત રહી શકે છે, તેથી વાણી પર સંયમ રાખવો. વેપાર અને વ્યવસાયના ક્ષેત્રમાં અટકેલા કાર્યો ધીમે-ધીમે પૂરા થશે.

સિંહ (મ, ટ) : આર્થિક દ્રષ્ટિએ કરેલા તમામ પ્રયાસો આજે સફળ થશે. મિત્રો અને સંબંધીઓ તરફથી મોટો સહયોગ મળી શકે છે.

કન્યા (પ, ઠ, ણ) : આજે કાર્યક્ષેત્રમાં તમારી હકારાત્મક અને સારી વિચારસરણીનો મોટો લાભ મળશે, સાહસ અને પરાક્રમમાં વધારો થશે.

તુલા (ર, ત) : ચંદ્ર આજે તમારી જ રાશિમાં હોવાથી પરિસ્થિતિઓ તમારા પક્ષમાં વળતી જણાશે. ભાગીદારીના કામો અને સંબંધોમાં સારો સુધારો થશે. કોઈપણ મહત્વપૂર્ણ નિર્ણય લેતી વખતે નકારાત્મક વિચારોથી દૂર રહેવું.

વૃશ્ચિક (ન, ય) : આજના દિવસે લાગણીશીલ થઈને કે ઉતાવળમાં કોઈ પણ મોટો નાણાકીય નિર્ણય લેવાનું ટાળવું. જો તમે નોકરી અથવા વ્યવસાયમાં કોઈ મોટું પરિવર્તન કરવા માંગતા હોવ, તો તેના તમામ પાસાઓની યોગ્ય તપાસ કરી લેવી.

ધન (ભ, ધ, ફ, ઢ) : આજના દિવસે તમને આર્થિક મોરચે મોટી રાહત મળી શકે છે, જૂના દેવાનો બોજ હળવો થશે. કરિયર અને બિઝનેસમાં ભાગ્યનો સાથ મળશે.

મકર (ખ, જ) : આજે તમને વ્યાવસાયિક જીવનમાં સારો લાભ અને સ્થિરતા જોવા મળશે.

કુંભ (ગ, સ, શ, ષ) : પ્રેમ અને અંગત સંબંધોની દ્રષ્ટિએ આજનો દિવસ ઘણો સાનુકૂળ રહેશે, પાર્ટનર તરફથી કોઈ સારા સમાચાર મળી શકે છે.

મીન (દ, ચ, થ, ઝ) : આજે પ્રવાસ અથવા મુસાફરી કરતી વખતે વિશેષ સાવધાની રાખવી અને વિવાદોથી દૂર રહેવું.

દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી — સોમવાર

સવારની પ્રથમ સભા : ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભક્તિ ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભક્તિ ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

સાંજે : ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

સુડોકુ નં.૨૭

9			7			4	5	
	7		2					8
	8				9		2	
				7		.	3	
2		1	6		5	7		9
	3			1				
	1		5				9	
3					6		4	
	6	9			3			1

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.


(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

સુડોકુ નં.૨૬નો ઉકેલ

6	8	3	1	4	2	9	5	7
1	2	7	6	9	5	3	8	4
4	9	5	8	3	7	2	6	1
5	1	6	2	8	4	7	3	9
2	3	9	5	7	1	6	4	8
7	4	8	9	6	3	1	2	5
8	6	1	3	5	9	4	7	2
3	7	2	4	1	8	5	9	6
9	5	4	7	2	6	8	1	3

દિપાવલી તથા નૂતનવર્ષ પર્વ નિમિત્તે હાર્દિક શુભકામના



દિપ ટ્રેન્ડસ

પ્રેમજીભાઈ ભાનુશાલી

ફેમિલી A/C શોરૂમ

અમારે ત્યાં ચિલ્ડ્રન ચેર, લેડીઝ ચેર, કુર્તિ, ટોપ, જીન્સ, ગાઉન, વનપીસ તથા મેન્સવેરમાં બધી જ અવનવી વેરાયટી એકદમ વ્યાજબી ભાવે મળશે. તથા અવનવી ગિફ્ટ ઓફરનો લાભ મેળવો.

દિપ પ્રોવિઝન સ્ટોરની બાજુમાં, જકાત નાકા, ત્રણ દરવાજા, વલસાડ- ધરમપુર રોડ, ધરમપુર

પડતર દિવસનું મહત્વ

દિવાળીના પાવન તહેવારોમાં દરેક દિવસનું પોતાનું આગવું મહત્વ છે. તહેવારોની ઉજવણી દરમિયાન આવતો પડતર દિવસ પણ પરિવાર સાથે આનંદ અને ખુશીઓ વહેંચવાનો અવસર બની રહે છે.

આ દિવસ આપણને જીવનની દોડધામમાંથી થોડો સમય કાઢીને પરિવારજનો અને સ્વજનો સાથે સુખદ પળો માણવાનો સંદેશ આપે છે.

દિવાળીના પર્વમાં પ્રેમ, ભાઈચારો અને એકતાની ભાવના સૌથી મહત્વપૂર્ણ છે. દીવાઓના પ્રકાશની જેમ આપણા જીવનમાં પણ સુખ, શાંતિ અને સકારાત્મકતાનો પ્રકાશ ફેલાય અને સૌના જીવનમાં આનંદ અને સમૃદ્ધિ આવે તેવી શુભકામનાઓ.

દિવાળીના પાવન પર્વની હાર્દિક શુભકામનાઓ!

દિવાળી તથા નૂતનવર્ષના શુભ અવસરે હાર્દિક શુભકામનાઓ...




ડો. ડી.સી. પટેલ
M.B.B.S., M.S.
(જનરલ સર્જરી) જનરલ સર્જન
સર્પદંશ નિષ્ણાંત

શ્રી સાઈનાથ મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ અને ટેસ્ટ ટયુબ બેબી સેન્ટર

ઈમરજન્સી સારવાર ૨૪ કલાક
એપોઈન્ટમેન્ટ : 7874299299 / 026-33- 299299




શ્રી સાઈનાથ હોસ્પિટલ પરિવાર ધરમપુર ઉપર આપ સહુએ છેલ્લા ૩૦ વર્ષોથી મુકેલા વિશ્વાસ અને આપેલા સહકાર બદલ આપ સર્વેના આભારી છીએ અને એવીજ રીતે આવનાર દિવસોમાં પણ આવોજ વિશ્વાસ ટકાવી રાખવા હોસ્પિટલ પરિવાર સતત મહેનત, નિષ્ઠા અને સચોટ પરિણામ સાથે કટીબદ્ધ છે



Mo. 917623909790

પ્રકૃતિ હોટલ ફેમિલી રેસ્ટોરન્ટ

આસુરા વાવ, બિરસા મુંડા સર્કલ - ધરમપુર



દિવાળી સ્પેશિયલ ધમાકા ઓફર

૧ કિ.ગ્રામ પનીર ટિક્કા મસાલા શાક ફક્ત રૂ. ૨૫૦/- માં

તા. ૦૮-૧૧-૨૦૨૬ થી તા. ૧૧-૧૧-૨૦૨૬ સુધી

ઉપરોક્ત ઓફર ફક્ત પાર્સલ માટે

આપ સૌને દિવાળી અને બેસતા વર્ષની ખૂબ ખૂબ વધાઈ અને નુતન વર્ષાભિનંદન



નવા વર્ષમા આપણા સૌનુ ઉત્સાહ વર્ધન થાય, પ્રભુ સૌને ભક્તિ શક્તિ અને સમૃદ્ધિ સાથે રાષ્ટ્ર ગૌરવ પ્રાપ્ત થાય તેવી શુભકામના.



ભાગવતાચાર્ય પૂ. શરદભાઈ વ્યાસ (દાદા)

પ્રદ્યુમ્ન વ્યાસ ધરમપુર

શ્રીમદ્ ભાગવત ઉપાસક પૂ.આશિષભાઈ વ્યાસ

ધરમપુર તાલુકાના તમામ ભાઈઓ તથા બહેનોને દીપાવલી અને નુતનવર્ષની હાર્દિક શુભકામના



અરવિંદભાઈ સી. પટેલ
(ધારાસભ્ય ધરમપુર)

દિવાળી તથા નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ

શુભેચ્છક
વિકાસ રામકુમાર યાદવ (એડવોકેટ)
૯ 9879374437/6

VEERA'S FITNESS
Raj Mahel, Baypass, 1st Floor, Nilkanth Enterprise, Near Fire Station, Dharampur
For Enquiry (Jay Bhoya) 99787 81763

NIRMALA EXPORT
NIRMALA EXPORT (INDIA)
Khori Fadiyu, Malanpada, Dharampur
Contact 91739 98007

NR GROUP
Pavan Yadav 91739 98007

દિવાળી તથા નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ

Royal Furniture
Since 1997
Sajid A.Shaikh
9879005297
8980333635
Hathikhana Char Rasta, Nashik Road, Dharampur - 396050. (Guj.)
All Types Of Steel Cupboard, T.V. Units Available.
All Type Of Furniture In Valsadi Saag And Bedroom Sets Available.



દિવાળી તથા નૂતન વર્ષની હાર્દિક શુભકામના...
બામટી- રાનપાડા ગ્રુપ ગ્રામ પંચાયત



વિજયભાઈ નારણભાઈ પાનેરિયા
સરપંચશ્રી

સરલાબેન વિજયભાઈ પટેલ
ડે. સરપંચ

અનિરુદ્ધ પટેલ
તલાટી કમ મંત્રીશ્રી

-: સભ્યશ્રીઓ :-

શૈલેષભાઈ મોતીભાઈ વાવૃત
તારાબેન હસમુખભાઈ પટેલ
હેમલતાબેન હરેશભાઈ પટેલ
સુનિલભાઈ ઘનાભાઈ પટેલ
દિલીપભાઈ મણીલાલ પટેલ
ગીતાબેન વિનોદભાઈ પટેલ
લતાબેન નટુભાઈ પટેલ
વિજયભાઈ પ્રવીણભાઈ પટેલ
સરલાબેન વિજયભાઈ પટેલ
ઠાકોરભાઈ રડિયાભાઈ પટેલ

દિવાળી તથા નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ

જય જોગણીયા SINCE 1996
વિશ્વાસનું પ્રતિક
Mo.: 96386 11460
PURE VEG
સ્વીટ & ફરસાણ માર્ટ
• સ્વીટ્સ • નમકીન • બેકરી
હિર શોપીંગ સેન્ટર,બસ ડેપો સામે,જેલ રોડ, ધરમપુર-૩૯૬૦૫૦ જી.વલસાડ.

Mo.: 78630 11460
શ્રી જોગણીયા ફાર્મસી
મેડીકલ • સર્જીકલ • જનરલ સ્ટોર્સ
શિંદે પેટ્રોલ પંપની સામે, જેલ રોડ, ધરમપુર - ૩૯૬૦૫૦ જી.વલસાડ.

દિવાળી તથા નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ

Dealer HPCL
Quality - Auantity Assurance
Kirti Ahir +91 96879 04881
Shri Krishna Petroleum
Retail Outlet - Diesel, Petrol, HP Oil.
Near Ashoka Hotel , DHARAMPUR, Dist. Valsad
Facility : Cold Water, Wash Room, Free Air.
Payment Facility : ATM, Debit / Credit Card, HPCL Fleet Card, American Express Card
Wailtet : HP Refuel, PAYTM, Phone pe, Bheem.

દિવાળી તથા નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ

જય અંબે ગ્રુપ ઓફ સ્કૂલ્સ ના શૈક્ષણિક સહયોગથી
રાધાબા શામલાલ પટેલ વિદ્યાલય
H.S.C. Results
ધોરણ 11 & 12 ગુજરાતી માધ્યમ



પવાર ખુશી
97.72 PR
2nd in Dharampur



પટેલ રીયા
94.73 PR
3rd in Dharampur



વસાવા સ્વિટી
96.86 PR



ગનપત મીત
93.68 PR



મહલા વિધિ
90.56 PR




પટેલ ધ્રુવાંગ
82.39 PR

મું. બીલપુડી, ધરમપુર, જી. વલસાડ + 91 98791 00463

દિવાળી તથા નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ

આરોગ્યમ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
AAROGYAM HEALTHCARE






ડૉ. અર્પણ પટેલ
M.D. - ફીઝીશીયન



ડૉ. ધ્રુમિન પટેલ
M.S. - જનરલ સર્જન લેપ્રોસ્કોપિક સર્જન



ડૉ. ચેતન વળવી
M.S. - ઓર્થોપેડિક સર્જન



ડૉ. કુંતલ પટેલ
MD - પેથોલોજી



ઉપલબ્ધ સુવિધાઓ :
• મેડિસીન તેમજ ICU ની સુવિધા
• લેબોરેટરીની તેમજ X-Ray ની સુવિધા
• વિવિધ પ્રકારના ઓપરેશનની સુવિધા
• ૨૪ કલાક ઈમરજન્સી સારવાર
મો.: : 92657 36760
પહેલા માળે, નીલકંઠ એન્ટરપ્રાઇઝ, રાજમહલ રોડ, ધરમપુર, તા. ધરમપુર, જી. વલસાડ.

દિવાળી તથા નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ



અરાજકતારૂપી અંધકારનો નાશ થાય...

વિશ્લેષણ

કુન્દન વ્યાસ


દિવાળી અને નૂતન વર્ષના પર્વ પ્રસંગે આપણે કેવી લાગણી અનુભવીએ છીએ ? ઉમંગ કે ગમગીની ? આશાવાદનો ઉત્સાહ કે નિરાશાવાદની હતાશા ? આ પ્રશ્નના જવાબમાં આપણે યાદ રાખવું જરૂરી છે કે અમાવાસ્યાના ઘોર અંધકાર ઉપર પ્રકાશના વિજયનું આ પર્વ છે, મહાઉત્સવ છે અને આ વિજય માટે માત્ર એક માટીનાં કોડિયાનું એક કિરણ પૂરતું છે. એક કિરણના આધારે અનેક કિરણોના દીવા પ્રજ્વલિત થઈ શકે છે. સમાજ, રાષ્ટ્ર અને વિશ્વમાં પણ એક કિરણ રેલાવનારો દીપક અંધકાર ઉપર વિજય મેળવી શકે છે. વિજયોત્સવનો આરંભ કરી શકે છે. વિડંબના એ છે કે આપણે વીજળી - વિદ્યુતશક્તિથી અંધકાર ઉપર વિજય મેળવ્યો છે. દિવસ - રાતની ભેદરેખા ભૂંસી નાખી છે ! આ આપણો ભ્રમ છે - વિજય જ્ઞાનનો નહીં, વિજ્ઞાનનો છે અને આ વિજય - પ્રકાશ આપે છે, ઊર્જા નહીં. અને 'અંધકાર ઉપર વિજય મેળવવા ઊર્જા અર્થાત્ શક્તિ અનિવાર્ય છે. તાજેતરમાં અંધકારનો એક નવો અવતાર શરૂ થયો છે - અરાજકતા. શક્તિની ઊર્જા નહીં, પણ સત્તા મેળવવા માટે આ 'અંધકાર'નું શત્ર અજમાવાઈ રહ્યું છે ! અને તેને પરાજિત કરવા માટે પ્રકાશ અર્થાત્ જ્ઞાન - જરૂરી જનજાગૃતિ અનિવાર્ય છે. અત્યારે 'તુફાન ઔર દિયા' જેવી સ્થિતિ છે. સમાજમાં - દેશભરમાં આ સંઘર્ષમાં યુવાશક્તિને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ શરૂ થયા છે. જેન-ઝી, ત્રીસ વર્ષથી ઓછી વયના યુવાવર્ગનો અસંતોષ પ્ર રોષ સમજી શકાય છે. આ સમસ્યા - પડકાર સામે હવે શાસકો જાગ્યા છે, પણ અરાજકતાનું લક્ષ્ય યુવાવર્ગનાં કલ્યાણ - વિકાસના બદલે એમને સત્તાની શતરંજમાં 'પ્યાદા' બનાવવાનું છે. તેની સામે જનજાગૃતિ અને સાવધાની એકમાત્ર ઉપાય છે. વિષ્ણુપુરાણમાં અષ્ટલક્ષ્મીનો ઉલ્લેખ છે. જેમાં ધનલક્ષ્મી, ધાન્યલક્ષ્મી, સંતાનલક્ષ્મી, વીર અને વિજયલક્ષ્મી. દિવાળીનાં પર્વ દરમિયાન આપણે આ અષ્ટલક્ષ્મીનું પૂજન -અર્ચન કરીએ છીએ. વાસ્તવમાં વ્યક્તિ



ઉપરાંત સમાજ અને રાષ્ટ્ર માટે પણ તેનું મહત્ત્વ છે. શાસનતંત્રની આર્થિકનીતિ અને શાસનનાં કેન્દ્રમાં આ વિષય છે. આજે આપણી સરકારનું લક્ષ્ય ભારતીય અર્થતંત્રને વિશ્વમાં ત્રીજી મહાસત્તા બનાવવાનું છે અને હવે વિશ્વના અર્થશાત્રીઓ સ્વીકારે છે કે ભારત લક્ષ્યસિદ્ધિ તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. ધનલક્ષ્મીની કૃપા થઈ રહી છે. ધાન્યલક્ષ્મી પણ પ્રસન્ન છે. એક સમય હતો, જ્યારે આપણે અમેરિકા પાસેથી દાનમાં મળેલા લાલ ઘઉં અને યુરોપીય દેશોપાસેથી મળેલા દૂધના પાઉડર તથા બટરઓઈલ ઉપર નિર્ભર હતા. હરિયાળી ક્રાંતિ પછી અનાજ ઉત્પાદન વધવા લાગ્યું. કપરા કાળ-કોરોના દરમિયાન દવા - વેક્સિન જ નહીં, ઘઉં પણ વાજબી ભાવે આંતરરાષ્ટ્રીય બજારમાં મોકલ્યા છે. ઘરઆંગણે કરોડો પરિવારોને વિનામૂલ્યે અનાજ - રાશન હજુ પણ પૂરું પાડવામાં આવે છે ! કૃષિક્ષેત્રના સુધારા સામે અવરોધ ઊભા કરાય છે, પણ કિસાનોને કિફાયતી વળતર મળે અને એમનાં બેન્ક ખાતાંમાં રકમ ડાયરેક્ટ જમા થાય છે. વીર અને વિજયલક્ષ્મીનો સાક્ષાત્કાર આપણે જોયો છે. આઝાદી પછીનાં લગભગ પચાસ વર્ષ સુધી આપણે ગરીબી દૂર થવાની આશાએ હતા અને સૂત્રો સાંભળ્યા અને પોકાર્યા. હવે વિશ્વ બેન્કના નિષ્ણાતોના અભ્યાસ અહેવાલ મુજબ ભારતમાં વર્ષ ૨૦૧૧થી ૨૦૨૩ દરમિયાન લગભગ ૫૦ કરોડ લોકો ગરીબીની રેખાથી ઉપર આવ્યા છે અર્થાત્ આટલી મોટી સંખ્યામાં ગરીબોનો ઉદ્ધાર થયો છે ! અલબત્ત, વસતિવધારો પણ થઈ રહ્યો છે, તેથી ટકાવારીની દૃષ્ટિએ આપણને અસંતોષ થાય, પણ વાસ્તવિક - વ્યવહારમાં હકીકત સંતોષકારક ગણવી - સ્વીકારવી જોઈએ. મોદી સરકારે શાસનની ત્રીજી મુદત શરૂ થઈ, ત્યારે આર્થિક સુધારાની ગાડી - એક્સપ્રેસ વધુ ગતિશીલ બનાવવાની જાહેરાત કરી હતી અને એ દિશામાં પ્રગતિ થઈ રહી છે. ભારતીય અર્થતંત્ર આગામી વીસ વર્ષમાં વિશ્વમાં ત્રીજી આર્થિક મહાસત્તા બનશે તે નિ?ત છે, પણ વિદ્યમાન મહાસત્તાની ઈજારાશાહી જોખમમાં હોવાથી અવરોધ ઊભા થઈ રહ્યા છે. અમેરિકાના પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફ આક્રમણ શરૂ કર્યું અને ભારતે તેના સફળ પ્રતિકાર માટે વિશ્વના અન્ય સંખ્યાબંધ દેશો સાથે વ્યાપાર કરાર કર્યા. રશિયા પાસેથી ક્રૂડતેલની ખરીદી જારી રાખીને ભારત સાર્વભૌમ છે તેની ખાતરી કરાવી. સદ્ભાગ્યે - અને આપણી દૃઢતા - મક્કમ નિર્ધારનાં પરિણામે આપણું અર્થતંત્ર સદ્ધર રહ્યું છે. ટ્રમ્પની આક્રમક વૃત્તિ અને પ્રવૃત્તિને બ્રેક લાગી છે. એમણે ચારે બાજુએ અજંપો અને અશાંતિ સર્જવાની શરૂઆત કરી, પણ હવે બ્રેક લાગવાની આશા છે. પણ, આપણા 'સ્વદેશી' વિપક્ષી નેતા વિદેશી હાથમાં રમી રહ્યા છે. અમેરિકાનાં ટેરિફ આક્રમણનો વિરોધ કરવાને બદલે પેટ્રોલ - ડીઝલ, ખાતર મોંઘાં થાય, અછત સર્જાય - ભાવવધારાનાં કારણે અજંપો - અશાંતિ સર્જાય એવા પ્રયાસ અને પ્રચાર કરી રહ્યા છે, પણ ભારત સરકારે પાણી પહેલાં પાળ બાંધી છે. ભારતની સંસદીય લોકશાહીમાં સત્તા મેળવવામાં એકમાત્ર માર્ગ જનાદેશ - ચૂંટણી છે, પણ નકારાત્મક વલણ નીતિઓનાં કારણે વિપક્ષો સફળ થયા નથી. હવે એમને શંકા, ભય છે કે હજુ ભાજપ - એનડીએ સરકારની લોકપ્રિયતા અકબંધ છે અને એક રાષ્ટ્ર - એક ચૂંટણી થાય તો મોદીને હટાવી નહીં શકાય ! તેથી સંસદના બદલે શેરીના સંઘર્ષથી સત્તા મેળવવાના પ્રયાસ શરૂ થયા છે. મતદારયાદીઓની ફેરતપાસ શરૂ થઈ તેનો વિરોધ થયો અને ચૂંટણીપંચ, ચૂંટણી કમિશનર તથા મશીનોમાં, ન્યાયતંત્રમાં અવિશ્વાસ જગાવીને અશાંતિ - અંધાધૂંધી ફેલાવવા માગે છે. ચૂંટણીમાં જીતવાની આશા નહીં હોવાથી આવી અરાજકતા ઊભી થાય તો પ્ર સરકારની નિષ્ફળતાનો -ચાર કરીને સત્તા મળી શકશે એમ માને છે, પણ ભસ્માસુરની જેમ અરાજકતાના સર્જકો જ તેનો શિકાર બનશે. પણ અરાજકતાના પ્લાન સામે જનજાગૃતિ અનિવાર્ય છે. અંધકારનાં આક્રમણને ખાળવા - નિષ્ફળ બનાવવા માટે જનતાએ સાવધાન રહેવું પડશે.

હવે બાજી પલટાઈ રહી છે. ઈરાને પણ હોર્મુઝ ખાડી મારફત ભારતનાં તેલવાહક જહાજોને અવર - જવરની છૂટ આપી છે. નૂતન વર્ષનો આરંભ આપણે આશાવાદ અને આત્મવિશ્વાસથી કરી રહ્યા છીએ. આગામી વીસ વર્ષ માટે આપણાં લક્ષ્ય અને મંત્ર એક જ હોય - હમ હોંગે કામિયાબ... બી વિલ - મેરા ભારત મહાન - નાં નિર્માણ આડે આવતા તમામ અવરોધ - વિરોધને પરાજિત કરીને સમૃદ્ધ ભારતનું નિર્માણ થશે જ. રાજકીય અસ્થિરતા અને અરાજકતાના અંધકાર સામે આત્મવિશ્વાસનાં પ્રકાશ કિરણો વિજયોત્સવ ઊજવશે.

રામાયણની બોક્સ ઓફિસ પર ધૂમ



રામાયણ ફિલ્મની બે દિવસમાં જ વિશ્વભરમાં ૨૨૧ કરોડની કમાણી

ભારતમાં ૧૧૨.૯૦ કરોડનું નેટ કલેક્શન, અભિનેતા રણબીર કપૂર અને યશની ફિલ્મે રચ્યો નવો રેકોર્ડ સર્જ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

રણબીર કપૂર, યશ અને સાઈ પલ્લવી સ્ટારર ફિલ્મ 'રામાયણ' બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. નીતેશ તિવારીના ડ્રીમ પ્રોજેક્ટ સમાન આ ફિલ્મે રિલીઝના માત્ર બે દિવસમાં જ બોક્સ ઓફિસ પર રેકોર્ડતોડ કમાણી કરી લીધી છે.મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ફિલ્મ 'રામાયણ' એ રિલીઝના બીજા દિવસે ૪૮.૦૫ કરોડ રૂપિયાનું શાનદાર કલેક્શન મેળવ્યું છે. જોકે આ આંકડો પહેલા દિવસની સરખામણીએ ૨૫.૯૮ટકા ઓછો છે, તેમ છતાં ફિલ્મે માત્ર બે જ દિવસમાં ભારતીય બજારમાં કુલ ૧૧૨.૯૦ કરોડ રૂપિયાનો નેટ વેપાર કરીને ૧૦૦ કરોડ રૂપિયાનો આંકડો સફળતાપૂર્વક પાર કરી લીધો છે.આ દરમિયાન ભારતમાં ફિલ્મનું કુલ ગ્રોસ કલેક્શન પણ વધીને ૧૩૪.૮૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે.

ભાષાઓની દૃષ્ટિએ વાત કરીએ તો, બીજા દિવસે ફિલ્મે હિન્દી ભાષામાં ૩૫.૫૦ કરોડ રૂપિયા, કન્નડમાં ૫.૧૫ કરોડ રૂપિયા, તેલુગુમાં ૪.૭૫ કરોડ રૂપિયા, તમિળમાં ૧.૫૦ કરોડ રૂપિયા અને મલયાલમ ભાષામાં ૧.૧૫ કરોડ રૂપિયાની કમાણી કરી છે.

નમિત મલ્હોત્રા દ્વારા નિર્મિત અને નીતેશ તિવારીના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મે ગ્લોબલ લેવલે પણ શાનદાર પ્રદર્શન કર્યું છે.

રિપોર્ટ મુજબ, વર્લ્ડવાઈડ બોક્સ ઓફિસ પર ફિલ્મે માત્ર બે જ દિવસમાં ૨૨૧.૦૫ કરોડ રૂપિયાનો આંકડો પાર કરીને કમાણીના નવા રેકોર્ડ સર્જ્યા છે.

દિવાળી અને પર્યાવરણ એકબીજાના પૂરક બને

असतो मा सद्गमय ।

અર્થાત્ અસત્યમાંથી સત્ય તરફ લઈ જા. પ્રકાશ, જ્ઞાન અને સત્યનું પ્રતીક છે, દિવાળી એટલે પ્રકાશનો ઉત્સવ, આનંદ, ઉલ્લાસનો મહાસાગર. આ તહેવાર માત્ર ભારતમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં વસતા ભારતીયો અદ્ભુત ઉત્સાહથી ઉજવે છે. જો કે, સમયનાં પરિવર્તન સાથે દિવાળીની ઉજવણીનાં સ્વરૂપમાં પણ મોટું પરિવર્તન આવ્યું છે. હવે દિવાળી માત્ર લક્ષ્મીનાં ફોટા પૂજન પૂરતી નહીં પણ ખરીદ-વેપારને કારણે અર્થવ્યવસ્થા માટે 'વૈભવ અને સમૃદ્ધિ'નો અવસર બની છે, પણ સાથે સાથે પર્યાવરણ સામે ગંભીર પડકારો ઊભા કરનાર ઉત્સવ પણ સાબિત થઈ રહી છે.

ભારતીય અર્થવ્યવસ્થા માટે દિવાળીનો તહેવાર વરદાન સ્વરૂપ છે. ધનતેરસ અને દિવાળીનાં દિવસોમાં સોનું, ચાંદી, ઈલેક્ટ્રોનિક્સ, વાહનો અને નવા કપડાંની ખરીદીનો અનોખો રેકોર્ડ બને છે. લાખો પરિવારો આ દિવસોમાં નવી વસ્તુઓ ખરીદવાનું શુભ માને છે, જેનાથી બજારમાં કરોડો-અબજો રૂપિયાની તરલતા (Li-quidity) આવે છે. દિવાળી નાના નાના કારીગરો, કલાકારો અને કુટીર ઉદ્યોગો માટે પણ ઉત્સાહ વધારનાર માધ્યમ છે. આથી જ તો માટીનાં દીવા બનાવનાર કુંભારો કે રંગોલી વેચનારાથી માંડીને અંબાણી પરિવાર પણ આ તહેવારની રાહ જુએ છે. પરંતુ આ આર્થિક ચમક પાછળ પર્યાવરણીય પરિવર્તન અને પ્રદૂષણની એક અંધારી બાજુ પણ છે. દિવાળી અને ફટાકડાનો પરસ્પર સંબંધ છે પણ આ જ ફટાકડા ફોડવાની પરંપરાએ આજે ચિંતાજનક સ્વરૂપ ધારણ કર્યું છે. ફટાકડામાંથી નીકળતા હાનિકારક રસાયણો (જેવા કે બેરિયમ, સલ્ફર, અને લીડ) હવામાં ભળવાથી અસ્થમા અને હૃદયના દર્દીઓ માટે શ્વાસ લેવામાં મુશ્કેલી ઊભી કરે છે. દિવાળીમાં અપાતી ભેટ - ગિફ્ટ માટે સિંગલ-યુઝ પ્લાસ્ટિક, થર્મોકોલ અને નોન-બાયોડિગ્રેડેટેડ પેકેજિંગનો વિપુલ પ્રમાણમાં ઉપયોગ થાય છે. આ કચરો શહેરોની કચરાપેટીઓ અને આખરે લેન્ડફિલ સાઈટ્સ પર ભાર વધારે છે.



ઉત્સવોના ઉત્સાહની સાથે ચિંતા વધારનારી આ બાબતો પ્રત્યે આમ તો હવે આપણું ધ્યાન જઈ રહ્યું છે છતાં જાગૃતિ આવી નથી આથી જ તો આંખ આડા કાન કરીને પ્રદૂષણ સાથે ઉત્સવ તો ઉજવીએ જ છીએ. પણ જો આજથી જ આ પડકારો સામે જાગૃતિ વધારીએ, ગ્રીન દિવાળી કે પર્યાવરણને અનુકૂળ દિવાળીને સૂત્ર ન બનાવતા આવશ્યક જીવનશૈલીનો ભાગ બનાવવા તૈયાર થઈએ. તે માટે સૌપ્રથમ પરિવર્તન ચાઈનીઝ કે પ્લાસ્ટિકની લાઈટ્સને બદલે સ્થાનિક કુંભારો દ્વારા બનાવેલા માટીના દીવાઓનો ઉપયોગ કરવાથી કરીએ છે. માટીના પરંપરાગત દીવા અે પર્યાવરણ અને અર્થ વ્યવસ્થા બંને માટે શ્રેષ્ઠ છે. વળી, માટીના દીવા પ્રગટાવવાથી ઘરમાં સકારાત્મક ઊર્જા આવે છે અને ગરીબ પરિવારોનું ઘર પણ રોશન થાય છે. દિવાળીમાં ફટાકડા તો ફોડવાના જ હોય પણ જો ફટાકડા ફોડવા જ હોય તો વૈજ્ઞાનિકો દ્વારા વિકસિત ગ્રીન ફટાકડા (જે ઓછા પ્રદૂષણ ફેલાવે છે) અપનાવવા જોઈએ. દિવાળી ખુશી અને પ્રસન્નતા વહેંચવાનો તહેવાર છે આથી તેમાં ગિફ્ટ તો આપવાની જ હોય પણ તે ગિફ્ટ પ્લાસ્ટિક પેકેજિંગને બદલે કાગળ, કાપડની થેલીઓ અથવા જ્યુટના ઈકો-ફ્રેન્ડલી ગિફ્ટિંગ પેકેજિંગનો ઉપયોગ કરીએ તો? અથવા તો છોડ (Indoor Plants) કે ઓર્ગેનિક મિઠાઈઓ કે હસ્તકલાની વસ્તુઓ ભેટમાં આપીને પ્રકૃતિ પ્રત્યેની સંવેદના દર્શાવવા પ્રયત્નશીલ થઈ શકીએ ને !

દિવાળી જ્ઞાનલક્ષ્મી અને ધનલક્ષ્મી બંનેને પૂજવાનો અને વધારવાનો ઉત્સવ છે. દિવાળી સાથે વ્યાપાર અને વ્યવસાયની પ્રગતિ પણ આવશ્યક જ છે પણ તે માટે વ્યાપાર અને પર્યાવરણ એકબીજાના વિરોધી ન બને એવી જ્ઞાનલક્ષ્મીનો ઉપયોગ કરી યોગ્ય કાળજી રાખવામાં આપવામાં આવે તો દિવાળી અને પર્યાવરણ એકબીજાના પૂરક બનતાં ઉત્સવનો ઉત્સાહ વધી શકે છે.

ભારતના બધા જ ઉત્સવો પ્રકૃતિ પૂજાના પ્રતીક છે. આપણા શાસ્ત્રોએ પ્રકૃતિની પૂજા કરવાનું શીખવી છે.

જો આપણે આ દિવાળીમાં આર્થિક સમૃદ્ધિની સાથે-સાથે પર્યાવરણીય સંરક્ષણનો સંદેશ દ્રઢ કરીએ તો જ સાચા અર્થમાં શુભ દિવાળી બની રહેશે.

તો ચાલો આ વર્ષે સંકલ્પ કરીએ કે આપણો ઉત્સવ પર્યાવરણ પ્રકૃતિ કે મનુષ્યના સ્વાસ્થ્ય કે ધરતી માતા માટે મુશ્કેલી ન બનતા આનંદનો એવો દીવો પ્રગટાવે કે જે સૌના જીવનમાં સાચો ઉજાસ ફેલાવે.

મનનમ્



ડો. યોગેશ ગોરાને

આચાર્ય

વિનય મંદિર, દાંડી

દિવાળી અને નવાવર્ષના દિવસ વચ્ચે આવતા ધોકાનું ખગોળ વિજ્ઞાન



પ્રાસંગિક

-ડો. જે. જે. રાવલ

અધ્યક્ષ, ધી. ઇન્ડિયન પ્લેનેટરી સોસાયટી, મુંબઇ

અંતરીક્ષમાં પૃથ્વી સૂર્યની પરિક્રમા કરે (૫) છે અને તે પણ પૂર્ણાંક દિવસોમાં નહીં. પૃથ્વી પોતાની ધરી પર ફરે છે. આ રીતે પૃથ્વીવાસીઓએ વર્ષ અને દિવસ મોઠવ્યાં છે. ચંદ્ર પૃથ્વીની પરિક્રમા કરે છે અને પોતાની ધરી પર ગોળ ગોળ ફરે છે. પૃથ્વી પરનાં માનવીએ તારીખો ગોઠવી છે, મહિનાના -નામો અને એના દિવસો નક્કી કર્યા છે. તિથી ચંદ્રની ગતિ પર આધાર રાખે છે. ચંદ્ર પૃથ્વીથી ૧૩ અંશ દૂર જાય એટલે તિથિ બદલાય છે. તિથિઓ, તારીખો પર આધાર રાખતી નથી. તિથિ પૃથ્વી પરથી જોતાં સૂર્ય અને ચંદ્ર વચ્ચેના ખૂણા પર આધાર રાખે છે.

અમાસને દિવસે સૂર્ય અને ચંદ્ર લગભગ સીધી રેખામાં હોય છે એટલે સૂર્ય અને ચંદ્ર વચ્ચેનો ખૂણો શૂન્ય અંશ હોય છે, જેમ જેમ મહિનો આગળ વધે છે તેમ તેમ આ ખૂણો વધતો જાય છે જ્યારે ચંદ્ર સૂર્યથી ૧૩ અંશ દૂર જાય તે દરમિયાન તિથિ સુદ એકમ કહેવાય છે. ચંદ્ર સૂર્યથી ૨૬ અંશ દૂર જાય તે ૧૩ અંશથી ૨૬ અંશ દરમિયાન સુદ બીજ કહેવાય છે. ચંદ્ર સૂર્યથી ૧૩ અંશને બદલે સરાસરી ૧૨ અંશ દૂર જાય તેમ તિથિ બદલાય છે તેમ પણ ઘણા જાણકારો લે છે, તેમાં કોઈ વાંધો હોતો નથી. કારણ કે ચંદ્ર નિયમિત રીતે ચાલતો નથી. આ રીતે સૂર્ય અને ચંદ્ર વચ્ચે ખૂણો વધતો જાય છે, જ્યારે તો ૧૮૦ અંશ થાય છે ત્યારે પૂર્ણિમા થાય છે.

આ તિથિનો સમયગાળો એક સરખો નથી કેમ કે કેપ્લરના નિયમ પ્રમાણે ચંદ્ર વર્તુળમાં પૃથ્વીની પરિક્રમા કરતો નથી પણ દીર્ઘવર્તુળમાં પૃથ્વીની પરિક્રમા કરે છે. તિથિનો સમયગાળો ૨૦ કલાકથી પોણા ૨૭ કલાક સુધી વધે ઘટે છે. ભારતીય કેલેન્ડરમાં દિવસ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો ગણાય છે. તિથિઓ કોઈ દિવસમાં ગમે ત્યારે ચાલુ થાય છે, અને પૂરી થાય છે, તે રોજિંદા જીવનમાં વ્યવહારૂ ન રહે માટે સૂર્યોદય સમયે જે તિથિ ચાલુ હોય તે તિથિ તે દિવસની ગણાય, તેવો નિયમ બનાવવામાં આવ્યો છે.

તિથિ ચંદ્રની ગતિ પર આધાર રાખે છે. જો કોઈ તિથિ બે સૂર્યોદય સમયે ચાલુ હોય એટલે કે તિથિ લાંબી હોય તો તે બેવડાય છે, અને જો કોઈ તિથિ બે સૂર્યોદય વચ્ચે ખતમ વખતે ચાલુ ન હોય તો તેનો ક્ષય થાય છે. એટલે કે દાખલા તરીકે પાંચમ પછી સીધી સાતમ આવે છે.

પૃથ્વી થઈ જાય અને એકેય સૂર્યોદય આ દિવાળીમાં અમાસ ૮મી નવેમ્બરે સવારે ૧૧.૨૯ વાગ્યે થઈ જાય છે, અને ૯મી નવેમ્બરના રોજ ૧૨.૩૧ના પૂરી થાય છે, એટલે કે અમાસ ૯ નવેમ્બરનો સૂર્યોદય જોવે છે માટે તારીખ અમાસ કહેવાય. પરંપરા પ્રમાણે બધા કાર્યો લક્ષ્મી પૂજન વગેરે તો સાંજે જ થાય. અમાસની સાંજે માત્ર ૮મી નવેમ્બરે જ છે. આ કારણસર દીપાવલીની ઉજવણી ૮મી નવેમ્બરના સાંજે જ કરવી પડે. તા. ૯મીના સૂર્યોદય સમયે હજુ અમાસ ચાલુ જ છે, તે માટે દિવસ પ્રતિષદ (એકમ)ન થઈ શકે અને તા. ૧૦ના દિને બપોરે ૧.૫૯ વાગ્યે પૂરી થાય છે અને તે દિવસે સૂર્યોદય વખતે તે ચાલુ હોવાથી તે વિધિવત્ એકમ ગણાય. ઉપરોક્ત બધી વસ્તુઓ ધ્યાનમાં લેતાં તા. ૯ પડતર રહે છે જેને આપણે 'ધોકો કહી છીએ. આ આપણાં પૂર્વજોનાં જ્ઞાન અને ખગોળવિજ્ઞાનની સમજણને ઓળખી તેનો ગર્વ લઈએ. પ્રાચીન ભારતીય ખગોળવિજ્ઞાનીઓને 'ધોકો' ધોખો ન દઈ શકે.


દિવાળીમાં મિઠાઈઓનું સ્થાન છીનવાઈ રહ્યું છે

યોગેશભાઈ આર. જોષી

જમાનો જેમ જેમ બદલાય છે તેમ તેમ દરેક બાબતમાં પરિવર્તન આવવા લાગ્યું છે. અગાઉ દિવાળીમાં ગૃહિણીઓ ઘરમાં જ દિવાળીના નાસ્તા જેવાકે સુંવાળી પૂરી, ઝીણી સેવ, તીખી સેવ, ગાંઠીયા, ચેવડો વિગેરે બનાવતી હતી અને મિઠાઈમાં મગસ, મોહનથાળ, મૈસૂર, ઘૂઘરા, ઘેબરાં, દહીંથરા જેવી મિઠાઈઓ બનાવતી હતી.

ત્યાર પછી બજારની મિઠાઈની બોલબાલા વધવા માંડી. સરકારી અમલદારોને પણ ઉદ્યોગપતિઓ તેમજ મોટા ગજાના વેપારીઓ તરફથી મિઠાઈના પેકેટસ ભેટ તરીકે મોકલવાનો રિવાજ હતો.

પરંતુ છેલ્લા દસેક વર્ષથી મિઠાઈ આપવાનો સિનારીયો બદલાઈ ગયો છે અને મિઠાઈને બદલે ડ્રાયફ્રૂટ્સના પેકેટસ, વિવિધ બ્રાન્ડની ચોકલેટ્સ તથા દેશી વિદેશી બિસ્કિટસના પેકેટસ



વ્યવસ્થિત રીત પેક કરાવી સગા વ્હાલા, દોસ્ત બિરાદર તથા સરકારી અધિકારીઓને મોકલવાની પ્રથા શરૂ થઈ ગઈ છે. આનું કારણ એ પણ છે કે હવેની મિઠાઈઓમાં નકરી ભેળસેળ જોવા મળે છે. શુદ્ધ માવો મળવો હવે દુર્લભ છે અને મદાના લાટ ક અન્ય લોટની મિઠાઈઓ બનાવવામાં આવે છે, જે માણસના સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. બીજુ લોકોને ડાયાબિટીસ, હાઈ બીપી, કાકડા અને થાઈરોઈડ જેવી બિમારીઓ થવા માંડી છે. અન્ય કારણ એ પણ છે કે મિઠાઈ અમુક દિવસો બાદ બગડી જાય છે.

જ્યારે ડ્રાયફ્રૂટસ અનેસરકારી અમલદારોને પણ ઉદ્યોગપતિઓ તેમજ મોટા ગજાના વેપારીઓ તરફથી મિઠાઈના પેકેટસ ભેટ તરીકે મોકલવાનો રિવાજ હતો.

પરંતુ છેલ્લા દસેક વર્ષથી મિઠાઈ આપવાનો સિનારીયો બદલાઈ ગયો છે

ચોકલેટસ, બિસ્કિટસ લાંબા સમય સુધી બગડતા નથી. મિઠાઈમાં ખાંડના બદલે સેકેરીન, ખાંડસરી અને અન્ય પ્રકારના ગળપણને કારણે પણ લોકો મિઠાઈ પ્રત્યે વિમુખ થવા લાગ્યા છે. આ બધાં પરિબળોને કારણે ધીમે ધીમે લોકો મિઠાઈ ભુલીને ડ્રાયફ્રૂટસ તરફ વળવા લાગ્યા છે અને ગૃહિણીઓ પણ ઘરમાં નાસ્તા બનાવવાની પળોજણમાંથી છૂટવા માટે તૈયાર નાસ્તાના પેકેટસ લઈ આવે છે. આમ જમાનામાં બદલાવ આવવાથી બધુંજ બદલાવા લાગ્યું છે.

ગુજરાતી નૂતન વર્ષ : નવી આશા અને નવી શરૂઆતનો પર્વ

ગુજરાતી સંસ્કૃતિમાં નૂતન વર્ષનું વિશેષ મહત્વ છે. દિવાળીના પાવન પર્વ પછી આવતો બેસતો વર્ષનો દિવસ ગુજરાતીઓ માટે નવી શરૂઆત, નવી આશાઓ અને નવા સંકલ્પોનો દિવસ છે. આ દિવસને લોકો ખૂબ જ આનંદ, ઉત્સાહ અને ધાર્મિક ભાવના સાથે ઉજવે છે. ગુજરાતી નૂતન વર્ષના દિવસે વહેલી સવારે લોકો સ્નાન કરીને નવા વસ્ત્રો ધારણ કરે છે અને પોતાના ઈષ્ટદેવના દર્શન કરવા મંદિરે જાય છે. પરિવારના સભ્યો અને સ્નેહીજનો એકબીજાને મળીને સાલ મુબારક કહી નવા વર્ષની શુભકામનાઓ પાઠવે છે.



આ દિવસ માત્ર નવા કેલેન્ડરની શરૂઆત નથી, પરંતુ જીવનમાં નવી ઊર્જા અને સકારાત્મક વિચારો સાથે આગળ વધવાનો અવસર છે. ગયા વર્ષમાં થયેલી ભૂલો અને મુશ્કેલીઓમાંથી શીખ લઈને નવા વર્ષમાં વધુ સારા કાર્યો કરવાનો સંકલ્પ લેવામાં આવે છે. ગુજરાતી સમાજમાં નૂતન વર્ષના દિવસે વેપારીઓ અને ઉદ્યોગકારો પણ નવા હિસાબ-કિતાબની શરૂઆત કરે છે. વેપાર અને વ્યવસાયમાં પ્રગતિ થાય તેમજ સમગ્ર વર્ષ સુખ-સમૃદ્ધિથી ભરપૂર રહે તે માટે પ્રાર્થના કરવામાં આવે છે.

નૂતન વર્ષ આપણને પ્રેમ, એકતા અને ભાઈચારાનો સંદેશ આપે છે. આજના ઝડપી જીવનમાં આપણે પરિવાર અને સ્વજનો સાથે સમય વિતાવી સંબંધોમાં પ્રેમ અને વિશ્વાસ વધારવાનો સંકલ્પ કરવો જોઈએ. જરૂરિયાતમંદ લોકોની મદદ કરીને તેમના જીવનમાં પણ ખુશીઓ લાવવી એ નવા વર્ષની સાચી ઉજવણી છે.

આ નવા વર્ષે આપણે સૌ જીવનમાં સત્ય, પ્રેમ, કરુણા અને સદભાવનાનો માર્ગ અપનાવીએ. દરેક ઘર ખુશીઓથી ભરાઈ જાય, દરેક ચહેરા પર સ્મિત ખીલે અને ગુજરાત સહિત સમગ્ર દેશ પ્રગતિના નવા શિખરો સર કરે તેવી શુભેચ્છા. નવા વર્ષનો દરેક દિવસ નવી ખુશીઓ, નવી તકો અને નવી સફળતાઓ લઈને આવે તેવી પ્રાર્થના સાથે સૌને ગુજરાતી નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ.

દિવાળી અને નવા વર્ષની શુભકામનાઓ

પારડી તાલુકા કોંગ્રેસ સમીતી



કોંગ્રેસનો હાથ જનતાનો સાથ

સતીષભાઈ પટેલ
પ્રમુખ
તથા હોદ્દેદારો અને કાર્યકર્તાઓ

દિવાળી તથા નૂતન વર્ષની શુભકામના



કપિલકુમાર કાંતિભાઈ હળપતિ
મહામંત્રી, પારડી શહેર કોંગ્રેસ મહામંત્રી, કિલ્લા-પારડી.

વનિતાબેન કપિલકુમાર હળપતિ
ઉપનેતા પ્રતિપક્ષ, પારડી નગરપાલિકાનગર સદસ્યશ્રી વોર્ડ નં-૩, પારડી નગરપાલિકા,કિલ્લા-પારડી.



દિપાવલી તથા નૂતનવર્ષ પર્વ નિમિત્તે હાર્દિક શુભકામના

શ્વેતા કોમ્યુનિકેશન

અમારા ત્યાં દરેક કંપનીના મોબાઈલ તથા એસેસીરીઝ મળશે
સ્થળ : તાલુકા પંચાયત સોપીંગ સેન્ટર
કુમારશાળા સામે ધરમપુર
પ્રો. નિતેશજી પટીયાર મો. ૯૯૨૫૮૮૩૩૫૫

દિવાળી તથા નૂતનવર્ષની હાર્દિક શુભેચ્છા

વિપુલ ફુટવેર એન્ડ દાવડા શુઝ

અમારે ત્યાં દરેક પ્રકારના લેડીઝ, જેન્ટસ તેમજ બાળકો માટેના વિવિધ વેરાયટીઓમાં બૂટ, ચંપલ, સેન્ડલ તેમજ મોજડી મળશે.

સ્થળ : દાવડા બ્રધર્સઝવેરી બજાર, ધરમપુર

પ્રો. અજય એન. દાવડા
મો. ૯૬૨૪૨૫૧૧૧૪

રાધાબા શામલાલ પટેલ વિદ્યાલય, બીલપુડી તરફથી

દિવાળી તથા નૂતનવર્ષની હાર્દિક શુભેચ્છા

શ્રી ભારતીય શિક્ષણ સેવા ટ્રસ્ટ ધરમપુર સંચાલિત રાધાબા શામલાલ પટેલ વિદ્યાલય બીલપુડી શાળા પરિવાર તથા ટ્રસ્ટીગણ સર્વેને દિપાવલી તથા નૂતનવર્ષ નિમિત્તે હાર્દિક શુભેચ્છા પાઠવે છે.

આચાર્ય
રાધાબા શામલાલ પટેલ વિદ્યાલય

ટ્રસ્ટીઓ
શ્રી ભારતીય શિક્ષણ સેવા ટ્રસ્ટી

દિવાળી તથા નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છા

ચંદ્રમૌલી દાંતનું દવાખાનું

એસ.ટી. ડેપોની સામે, બરોડા ગુજરાત ગ્રામીણ બેંકની ઉપર, બીજા માળે, ધરમપુર-૩૯૬૦૫૦

ડો. પીયુષસિંહ એ. ચૌહાણ
(B.D.S.)
9913158348 E Mail : dr.piyushchauhan84@gmai.com

તમામને દિપાવલી તેમજ નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ
હનમતમાળ રેન્જ ફોરેસ્ટ ખાતાની કચેરી

વૃક્ષોથી શોહામણા ડુંગરા,
વૃક્ષોથી સોહામણું ગામ,
વૃક્ષ લાવે મેહુલો,
વૃક્ષ એક દેવધૂત સમાન.

-હનમતમાળ રેન્જ
ધરમપુર તાલુકો

ધરમપુર વિસ્તારના તમામને દિપાવલી તેમજ નૂતનવર્ષની હાર્દિક શુભકામનાઓ
ધરમપુર રેન્જ ફોરેસ્ટ ખાતાની કચેરી

- સુખ સમૃદ્ધિની જેને હોય ચાહના, રાખવી એણે વૃક્ષરોપણની ભાવના.
- વન રહેશે ધરા પર જ્યાં સુધી, જીવન રહેશે નિરોગી ત્યાં સુધી.

- વનખાતાની કચેરી
ધરમપુર

દિપાવલી તથા નૂતનવર્ષ પર્વ નિમિત્તે હાર્દિક શુભકામના

SHREE JANANI HOSPITAL
Dr. Chandrkant B. Patel
Opp. Shinde Petrol Pump,
DHARAMPUR, Dist-valsad.
396 050,
Phone No. 02633-242949,
243949, Mob.:98257 93334

દિવાળી તથા નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ

ગ્રામ સેવા સભા ધરમપુર સંચાલિત

બી.આર. એસ. કોલેજ બિલપૂડી

પ્રમુખશ્રી
રમણભાઈ પી. પટેલ

મંત્રીશ્રી
ઈશ્વરભાઈ આઈ. માહલા

ગ્રામસેવા સભા ધરમપુર

ઈ.ચા. આચાર્ય
શ્રી કોમલબેન કે. ગામીત
બી.આર.એસ. કોલેજ બિલપુડી
તેમજ કોલેજ પરીવાર

તમામને દિપાવલી તેમજ નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ
પંગારબારી રેન્જ ફોરેસ્ટ ખાતાની કચેરી

- ધરતી પર જો હરા હૈ, વહી
- સર્વાધિક પ્યારસે ભરાહૈ.
- એ ધરતીમાંના રક્ષક, તેનો નાશ ન કરો નિરર્થક.
- વૃક્ષારોપણ અપનાવો, દરીદ્રતા દફનાવો.
- દેશનો હવે છે એકરાર, બાળક થોડાને વૃક્ષો હજાર.


- પંગારબારી રેન્જ
ધરમપુર તાલુકો

દિવાળી તથા નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છા

CHILD CARE HOSPITAL


ડો. રિતેશ એફ. પટેલ
M.D. (PED) D. Ped
બી, સાઈધામ કોમ્પલેક્ષ, સિંદે પેટ્રોલપંપની સામે, ધરમપુર-૩૯૬૦૫૦ જી. વલસાડ(ગુજ.)
Ph. : (02633) (R) : 242795, (H) 243696,
Mo. 9825267444


Vikram Samvat 2083
શુભ દિપાવલી
નૂતન વર્ષાભિનંદન
Common Effluent Treatment Plant (CETP), Vapi — Aerial View
With Best Wishes from
VAPI GREEN ENVIRO LIMITED
Incorporated on 17th January 1997 to provide a comprehensive environment management programme for Vapi Industrial Estate — a non-equity, non-profit entity based on cooperative principles with a corporate culture of management.
Common Effluent Treatment Plant
CETP • Capacity 55 MLD
Common Hazardous Solid Waste Disposal
Secured landfill for hazardous waste of Vapi industries
Centre of Excellence
NABL / FDA approved laboratory, pilot plant & seminar hall
0260 2428950, 0260 2429950
www.vgelvapi.com
GIDC, Vapi, Gujarat


Happy
Diwali &
Prosperous
New Year
A WELL WISHER
VAPI


દિવાળી તથા
નૂતન વર્ષ
નિમિતે હાર્દિક
શુભકામનાઓ
શ્રી ધર્મેશ ઉર્ફે ભોલા પટેલ
સરપંચ
પારડી સાંઢપોર ગ્રામ પંચાયત
તા.: જિ.: વલસાડ


દિવાળી તથા
નૂતન વર્ષાભિનંદન
પ્રેમ, લાગણી, વિશ્વાસ અને સ્નેહના પવિત્ર પર્વ
દિવાળી તથા આવનારા નૂતન વર્ષની આપ સૌને
અને આપના સમગ્ર પરિવારને હૃદયપૂર્વકની
હાર્દિક શુભકામનાઓ!
દિવાળીના આ પ્રકાશમય પર્વે અને નવા વર્ષના
મંગલમય પ્રારંભે ઈશ્વર આપ સૌના જીવનમાં
સુખ, શાંતિ, સમૃદ્ધિ, સંપત્તિ, ઉત્તમ સ્વાસ્થ્ય,
દીર્ઘાયુષ્ય અને અપાર સફળતાનો પ્રકાશ પાથરે
તેવી હૃદયપૂર્વક પ્રાર્થના.
સ્નેહલ દિલીપભાઈ પટેલ
સભ્યશ્રી જિલ્લા પંચાયત - વલસાડ - ખજુરડી
વલસાડ જિલ્લાની સમગ્ર જાહેર જનતા પારડી-સાંઢપોર જિલ્લા પંચાયત બેઠક
ડેડળ આવતા તમામ મતદાતા ભાઈઓ-બહેનો, વડીલો, યુવા મિત્રો
તથા મારા પોતાના ખજુરડી ગામના તમામ પરિવારોને પણ
આ પવિત્ર તહેવારની ખૂબ ખૂબ હાર્દિક શુભકામનાઓ.
દેવાંશી સ્નેહલભાઈ પટેલ
માજી ઉપપ્રમુખ, તાલુકા પંચાયત વલસાડ
આપ સૌના જીવનમાં સુખનાં દીવડાં સદાય ઝળહળતાં રહે,
દરેક પરિવાર સ્વસ્થ, સુખી અને સમૃદ્ધ રહે, દરેકના સપનાં સાકાર થાય અને
સમાજમાં પ્રેમ, એકતા, ભાઈચારો તથા સદભાવનાની અવિરત જ્યોત પ્રજ્વલિત રહે.


Happy
Diwali &
Prosperous
New Year
A WELL WISHER
VALSAD

અન્ય સમાચારો

બસ્તરમાં જવાનો વચ્ચે બોલ્યા પીએમ મોદી

નક્સલી ખતમ પરંતુ ખતરો હજુ ટળ્યો નથી, દિમાગી નક્સલને પરાસ્ત કરવાના છે


પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ છત્તીસગઢના બસ્તરમાં સુરક્ષા દળોના જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી : મોદીએ પાઠવી દિવાળીની શુભેચ્છાઓ

(સંપૂર્ણ સમાચાર સેવા)

બસ્તર, તા.૮ : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ છત્તીસગઢના બસ્તરમાં સુરક્ષા દળોના જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી હતી.

આ પ્રસંગે તેમણે નક્સલવાદ સામેની લડાઈમાં સુરક્ષા દળોના યોગદાનની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, એક સમયે નક્સલવાદના આતંકથી પીડાતી બસ્તરની ધરતી પર આજે વિકાસની નવી લહેર જોવા મળી રહી છે. જોકે, નક્સલી હિંસાનો અંત આવ્યો હોવા છતાં વૈચારિક સ્તરે નક્સલવાદી વિચારધારાનો ખતરો હજુ યથાવત્ હોવાનું જણાવી તેમણે દિમાગી નક્સલને પણ પરાસ્ત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, આ વખતે તેઓ પોતાના વીર જવાનો સાથે દિવાળી મનાવવા બસ્તરની ધરતી પર પહોંચ્યા છે. એક સમયે જે વિસ્તારમાં નક્સલવાદીઓનો આતંક હતો, ત્યાં આજે સુરક્ષા દળોના બલિદાન, સમર્પણ અને હિંમતના પરિણામે શાંતિ તથા વિકાસનો માહોલ ઊભો થયો છે. જવાનો વચ્ચે ઉજવેલી દરેક દિવાળી તેમના માટે યાદગાર બની રહે છે તેમ પણ તેમણે જણાવ્યું હતું.



BSF, ITBP, SSB, IRB અને રાજ્ય પોલીસના જવાનો પ્રત્યે સમગ્ર રાષ્ટ્ર ઋણી રહેશે તેમ મોદીએ જણાવ્યું હતું.

નક્સલવાદ સામેની લડાઈમાં બસ્તર ફાઇટર્સ જેવા વિશેષ દળો, મહિલા જવાનો અને કમાન્ડોએ પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

મોદીએ જણાવ્યું હતું કે, માઓવાદી આતંક અને નક્સલવાદ સામેની લડાઈ સરળ નહોતી. એક સમયે દેશનાં આશરે ૨૦ રાજ્યોના ૨૩૦થી વધુ જિલ્લા નક્સલવાદથી પ્રભાવિત હતા. નક્સલવાદી વિસ્તારોમાં સાંજ પડતાં જ જનજીવન થંભી જતું હતું અને લોકોને મતદાનના અધિકારથી પણ વંચિત રાખવામાં આવતા હતા.

પ્રધાનમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, જ્યારે રાષ્ટ્ર પ્રથમની ભાવનાથી કામ કરવામાં આવે છે ત્યારે દેશની શાંતિ અને સુરક્ષા મજબૂત બને છે તથા ગરીબ અને વંચિત વર્ગની વિકાસમાં ભાગીદારી વધે છે. છેલ્લા ૧૨ વર્ષમાં ભારતે નક્સલવાદ અને અલગતાવાદ સામેની લડાઈની સાથે ગરીબી સામે પણ મહત્ત્વપૂર્ણ પ્રગતિ કરી હોવાનું તેમણે જણાવ્યું હતું.

વિશ્વ બેંકના અહેવાલનો ઉલ્લેખ કરતાં મોદીએ દાવો કર્યો હતો કે, છેલ્લા ૧૨ વર્ષમાં ભારતમાં ૫૦ કરોડ લોકો ગંભીર ગરીબીમાંથી બહાર આવ્યા છે. દાયકાઓ સુધી ગરીબી હટાવવાના નારા છતાં જે પરિણામ પ્રાપ્ત ન થયું, તે દેશે માત્ર ૧૨ વર્ષમાં હાંસલ કર્યું હોવાનો દાવો પણ તેમણે કર્યો હતો.


દિવાળીના પર્વે દેશના સુરક્ષાકર્મીઓની વચ્ચે ઉપસ્થિત રહીને મોદીએ જવાનોને સંબોધતાં કહ્યું હતું કે, સરહદો પર અને દેશની આંતરિક સુરક્ષામાં તૈનાત તમામ જવાનો તેમના પરિવારના સભ્યો સમાન છે. દેશની સુરક્ષા માટે તેમનું સમર્પણ અને બલિદાન હંમેશાં યાદ રાખવામાં આવશે.

પીએમ મોદીએ બસ્તરની ધરતી પરથી ભારપૂર્વક જણાવ્યું હતું કે, જ્યારે દેશ રાષ્ટ્ર પ્રથમની ભાવનાથી કામ કરે છે ત્યારે શાંતિ અને સુરક્ષા સુનિશ્ચિત થાય છે. છેલ્લા ૧૨ વર્ષોમાં સરકારે માત્ર અલગાવવાદ અને નક્સલવાદ સામે જ નહીં, પરંતુ ગરીબી સામે પણ મોટો જંગ જીત્યો છે. તાજેતરમાં વર્લ્ડ બેંકના રિપોર્ટનો હવાલો આપતાં તેમણે જણાવ્યું કે, છેલ્લા ૧૨ વર્ષમાં ભારતના ૫૦ કરોડ લોકો ભીષણ ગરીબીમાંથી બહાર આવ્યા છે. જે કામ દાયકાઓ સુધી 'ગરીબી હટાવો'ના નારાઓથી ન થઈ શક્યું, તે દેશે માત્ર ૧૨ વર્ષના ટૂંકા ગાળામાં કરી દેખાડ્યું છે.

ગુજરાતના રાજ્યપાલે નૂતન વર્ષ નિમિત્તે ગુજરાતના નાગરિકોને શુભકામનાઓ પાઠવી

અમારા પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ, તા.૮ : ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતરુ નૂતન વર્ષના શુભ અવસરે ગુજરાતના તમામ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવતા જણાવ્યું છે કે, આ નવું વર્ષ સૌના જીવનમાં ઉત્તમ સ્વાસ્થ્ય, સુખ, શાંતિ, સમૃદ્ધિ અને નવી સિદ્ધિઓ લઈને આવે તેવી મંગલકામના છે.



નૂતન વર્ષના પ્રારંભે રાજ્યપાલરુ નાગરિકોને સંદેશ આપતા જણાવ્યું છે કે, નવું વર્ષ માત્ર કેલેન્ડર બદલવાનો અવસર નથી, પરંતુ પોતાના વિચારોને નવી દિશા આપવાનો, પોતાના સંકલ્પોને નવી શક્તિ આપવાનો અને જીવનને વધુ ઉત્તમ બનાવવાનો અવસર છે. વીતેલા સમયના અનુભવો આપણને શીખ આપે છે અને આવનારો સમય આપણા માટે નવી શક્યતાઓના દ્વાર ખોલે છે. આપણો પ્રત્યેક પ્રયાસ માત્ર વ્યક્તિગત ઉન્નતિ પૂરતો સીમિત ન રહેતાં પરિવાર, સમાજ અને રાષ્ટ્રની પ્રગતિમાં પણ યોગદાન આપે તેવો સંકલ્પ લઈએ.

આપણે આપણા જીવનમાં સત્ય, શિસ્ત, સેવા અને નૈતિક મૂલ્યોને સર્વોચ્ચ સ્થાન આપવું જોઈએ. સમાજમાં પરસ્પર વિશ્વાસ, સદ્‌ભાવ અને સામાજિક સમરસતાને વધુ મજબૂત બનાવીએ તથા પ્રત્યેક વ્યક્તિના સન્માન અને કલ્યાણ પ્રત્યે સંવેદનશીલ બનીએ.

સ્વદેશીને અપનાવીને દેશના શ્રમિકો, કારીગરો, ખેડૂતો અને ઉદ્યોગસાહસિકોના પરિશ્રમનું સન્માન કરીએ. માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના આત્મનિર્ભર ભારતના સંકલ્પને જનભાગીદારીના માધ્યમથી સાકાર કરવામાં આપણું મહત્વપૂર્ણ યોગદાન આપીએ.

કૃષિ આપણી અર્થવ્યવસ્થાની આધારશિલા છે. ખેડૂતોની સમૃદ્ધિ, જમીનની ફળદ્રુપતા અને જળ સંસાધનોનું સંરક્ષણ આપણા ઉજ્જવળ ભવિષ્ય માટે અત્યંત આવશ્યક છે. તેથી પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપીએ, પ્રકૃતિ સાથે સંતુલન જાળવીએ અને આવનારી પેઢીઓ માટે સ્વસ્થ તેમજ સુરક્ષિત પર્યાવરણનું નિર્માણ કરીએ.

રાજ્યપાલે ઉમેર્યું હતું કે જ્યારે પ્રત્યેક નાગરિક પોતાની ફરજોનું નિષ્ઠાપૂર્વક પાલન કરે છે, ત્યારે સામૂહિક પ્રયાસોથી રાષ્ટ્રની પ્રગતિને નવી ગતિ મળે છે.

આવો, નવા વર્ષમાં આપણે જ્ઞાનને આપણું માર્ગદર્શક, સેવાને આપણો સંસ્કાર અને રાષ્ટ્રહિતને આપણો સર્વોચ્ચ સંકલ્પ બનાવીએ. આપણું ગુજરાત પ્રગતિ અને જનકલ્યાણના નવા કીર્તિમાન સ્થાપિત કરે તથા આપણું ભારત વિશ્વમાં જ્ઞાન, સંસ્કાર અને સામર્થ્યનો પ્રકાશ ફેલાવતું રહે.

ઈમરજન્સી લાદવી ભૂલ હતી, ઈન્દિરા ગાંધીને પણ તેનો અહેસાસ થયો હતો : સોનિયા ગાંધી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૮ : વર્ષ ૧૯૭૫માં દેશમાં લાદવામાં આવેલી કટોકટીને લઈને કોંગ્રેસ સંસદીય પક્ષનાં અધ્યક્ષ સોનિયા ગાંધીએ મહત્ત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. પોતાની આત્મકથા 'બિલોંગિંગ : અ જર્ની ઓફ લવ'ના વિમોચન પૂર્વે તેમણે સ્વીકાર્યું છે કે દેશમાં ઈમરજન્સી લાગુ કરવાનો નિર્ણય એક મોટી ભૂલ હતી. તેમના જણાવ્યા અનુસાર, તત્કાલીન વડાપ્રધાન અને તેમના સાસુ ઈન્દિરા ગાંધીને પણ સમય જતાં આ નિર્ણયની ગંભીરતા અને ભૂલનો અહેસાસ થયો હતો.

સોનિયા ગાંધીએ આત્મકથામાં ઈમરજન્સીના સમયગાળાની રાજકીય પરિસ્થિતિ અને ગાંધી પરિવારની આંતરિક ચર્ચાઓ અંગે પણ વિગતો આપી છે. તેમણે જણાવ્યું હતું કે, તે સમયે પરિવારની અંદર પણ ઈમરજન્સીને લઈને અલગ-અલગ મંતવ્યો હતા. તેમના પતિ રાજીવ ગાંધી આ નિર્ણયના વિરોધમાં હતા અને ઈન્દિરા ગાંધીને આગામી સામાન્ય ચૂંટણી સુધી રાહ જોવાની સલાહ આપી હતી. બીજી તરફ, સંજય ગાંધી ઈમરજન્સીના સમર્થનમાં હતા.

સોનિયા ગાંધીના જણાવ્યા અનુસાર, જો તે સમયે સંજય ગાંધીની કામગીરી પર યોગ્ય નિયંત્રણ રાખવામાં આવ્યું હોત તો દેશને થયેલું રાજકીય અને સામાજિક નુકસાન ઘણું ઓછું કરી શકાયું હોત. જોકે, તેમણે ઈમરજન્સી માટે માત્ર સંજય ગાંધીને જવાબદાર ઠેરવ્યા નથી. તેમના મતે, તે સમયગાળામાં કોંગ્રેસના કેટલાક વરિષ્ઠ નેતાઓનું પણ ઈન્દિરા ગાંધી પર ભારે રાજકીય દબાણ હતું.

આત્મકથામાં સોનિયા ગાંધીએ ઈન્દિરા ગાંધીના વ્યક્તિત્વ અંગે પોતાના વિચારો રજૂ કરતાં જણાવ્યું હતું કે, ઈન્દિરા ગાંધી મૂળભૂત રીતે લોકશાહી પ્રત્યે પ્રતિબદ્ધ હતાં. ઈમરજન્સી દરમિયાન તેઓ માનસિક રીતે સંપૂર્ણ સહજ નહોતાં અને આ નિર્ણય તેમના માટે ભારે બોજસમાન હતો. સોનિયાના મતે, ઈન્દિરા ગાંધીને પણ પાછળથી આ નિર્ણય અંગે પસ્તાવો થયો હતો.

ઈમરજન્સી હટાવ્યા બાદ જ તેની વાસ્તવિક ગંભીરતાનો ખ્યાલ આવ્યો હોવાનું સોનિયા ગાંધીએ જણાવ્યું હતું. ૧૯૭૫થી ૧૯૭૭ દરમિયાન દેશમાં નાગરિક સ્વતંત્રતાઓ પર નિયંત્રણો લાદવામાં આવ્યા હતા. અખબારો પર સેન્સરશિપ લાગુ કરવામાં આવી હતી અને નાગરિકોના કેટલાક મૂળભૂત અધિકારો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યા હતા. આ સમયગાળામાં વ્યક્તિગત સ્વતંત્રતા અને ન્યાયિક સુરક્ષાને લઈને પણ ગંભીર પ્રશ્નો ઊભા થયા હતા.

ગુજરાત વાણિજ્યિક કર વિભાગ ડિજિટલ બનશે

અમારા પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ, તા.૮ : ગુજરાત રાજ્યના નાણાં વિભાગ હેઠળના વાણિજ્યિક કર તંત્રો પોતાની કામગીરીને વધુ ડિજિટલ, ઝડપી અને સુરક્ષિત બનાવવા ૧,૦૦૦ ડિજિટલ સિગ્નેચર સર્ટિફિકેટ (DSC) મેળવવાનો નિર્ણય લીધો છે. ઈ-ગવર્નન્સ શાખા દ્વારા લેવાયેલા આ નિર્ણયથી વિભાગના અધિકારીઓ અને અધિકૃત કર્મચારીઓ કાગળ પર સહી-સિક્કા વિના ઇલેક્ટ્રોનિક રીતે કામ કરી શકશે. ડિજિટલ સિગ્નેચર સર્ટિફિકેટ હાથની સહીનું કાયદેસર માન્ય ઇલેક્ટ્રોનિક સ્વરૂપ છે. તે દસ્તાવેજ મોકલનારની ઓળખ પાકી કરે છે અને ખાતરી આપે છે કે સહી થયા પછી દસ્તાવેજમાં કોઈ ફેરફાર થયો નથી. સત્તાવાર આદેશો, નોટિસો, ફાઇલો અને રિપોર્ટ પર સહી કરવા ઉપરાંત સરકારી પોર્ટલ પર લૉગિન, ઈ-ફાઇલિંગ અને ઑનલાઇન રિટર્ન કે અરજીઓ સબમિટ કરવામાં પણ તેનો ઉપયોગ થાય છે. કાગળ અને સમયની બચત થવા ઉપરાંત સહી કરનાર પછીથી ઇનકાર ન કરી શકે તેવી કાનૂની ખાતરી પણ મળે છે.

આ નિર્ણય મુજબ આ પ્રમાણપત્રો ફક્ત સરકારી સંસ્થાના અધિકૃત વ્યક્તિઓ માટે હશે. વ્યક્તિગત ઉપયોગ માટે નહીં. દરેક પ્રમાણપત્ર સૌથી ઊંચા સુરક્ષા સ્તરનું ક્લાસ-૩ કક્ષાનું, RSA ૨૦૪૮-બિટ અલ્ગોરિધમ ધરાવતું અને ઓછામાં ઓછા ત્રણ વર્ષની માન્યતા સાથેનું હશે. સહી માટેનું સાઇનિંગ સર્ટિફિકેટ અને સંવેદનશીલ કર-સંબંધિત માહિતી કોડેડ રૂપે મોકલવા માટેનું એન્ક્રિપ્શન સર્ટિફિકેટ, એમ બંને અલગ-અલગ આપવાનાં રહેશે. આ સાથે શ્લ્ક્રિપ્ટો ટોકન પણ પૂરું પડાશે, જેમાં સહીની ખાનગી ચાવી સુરક્ષિત રહે છે અને તેની નકલ કે ચોરી થઈ શકતી નથી. ટોકન પર ત્રણ વર્ષની રિપ્લેસમેન્ટ વૉરંટી મળશે અને તેનું સૉફ્ટવેર વિન્ડોઝ, મેકઓએસ, આઈઓએસ, લિનક્સ અને એન્ડ્રોઇડ પર ચાલે તે ફરજિયાત છે. ઓળખ ચકાસણી માટે આધાર ઓનલાઇન ઈ-કેવાયસી (OTP અને બાયોમેટ્રિક), આધાર ઓફલાઇન, બેંકિંગ ઈ-કેવાયસી તથા CA-સહાયિત નોંધણી જેવી પદ્ધતિઓ માન્ય રખાઈ છે. પ્રમાણપત્ર આપનાર સંસ્થા ભારતના પ્રમાણન સત્તામંડળ (CCA) દ્વારા લાઇસન્સ -નમ હોવી જોઈએ.

ગુજરાત વાણિજ્યિક કર વિભાગની ઈ-ગવર્નન્સ શાખા કામગીરીને સંપૂર્ણ ડિજિટલ બનાવવા માગે છે. કાગળ પર સહી-સિક્કાને બદલે ઇલેક્ટ્રોનિક દસ્તાવેજો કાયદેસર રીતે માન્ય બને, તે માટે ડિજિટલ સિગ્નેચર સર્ટિફિકેટ જરૂરી છે. તેનાથી દસ્તાવેજ સાથે છેડછાડ થઈ શકતી નથી, સહી કરનારની ઓળખ પાકી થાય છે અને ફાઇલો ઝડપથી તથા સુરક્ષિત રીતે આગળ વધે છે. વર્તમાન પ્રમાણપત્રોની મુદત પૂરી થતી હોય કે નવા કર્મચારીઓને જરૂર હોય, ત્યારે પણ આવી ખરીદી કરવી પડે છે.

રિયલ મિલ્ક આઇસ્ક્રીમના નામે વેચાતા ભેળસેળીયા આઇસક્રીમ સામે ટૂંક સમયમાં તવાઇ !

અમારા પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ, તા.૮ : ગુજરાતમાં લાંબા સમયથી મોંઘીદાટ રેસ્ટોરાં અને હોટેલ્સથી માંડીને રેંકડી પર લોકોને પીરસાતા એનાલોગ પનીર, ચીઝ અને માખણ સામે રાજ્યના આરોગ્ય વિભાગે હાથ ધરેલી ઝુંબેશના ધીમેધીમે સકારાત્મક પરિણામો મળી રહ્યા છે, હવે આગામી ટૂંક સમયમાં આરોગ્ય વિભાગ દ્વારા રિયલ મિલ્ક આઇસ્ક્રીમના નામે વેચાતા ભેળસેળીયા આઇસક્રીમ સામે આવી જ અસરકારક ઝુંબેશ શરૂ કરવાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

ભારતીય ફૂડ સેફ્ટી ઓથોરિટીએ નિયત કરેલા ધોરણો પ્રમાણે, આઇક્રીમ દૂધમાંથી જ બનેલો હોવો જોઇએ અને તેના માટે દૂધની ૧૦ ટકા ફેટ, ૩.૫ ટકા પ્રોટિન હોવા જોઇએ. આવા તત્વો હોય તો જ તે ને-ડક્ટ પર આઇસક્રીમ એમ લખીને વેચી શકાય છે. જોકે, દેશભરમાં વેચાતા આવા આઇક્રીમની સાથે કેટલીક કંપનીઓ ફ્રોઝન ડેઝર્ટ્સને પણ આઇક્રીમના નામે વેચાણ કરે છે અને લોકો આઇક્રીમ સમજીને આરોગી રહ્યા છે. આ સ્થિતિનો લાભ લેભાગુ તત્વો મોટા પાયે ઉઠાવી રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી રાજ્યના અનેક વિસ્તારોમાં પામોલિન તેલ અથવા તો તેવા જ અન્ય સંદિગ્ધ તેલ, વેજીટેલબલ ફેટ્સ, વેજીટેબલ્સ અથવા તો અન્ય પ્રકારના ફેટ્સનો ઉપયોગ કરીને ફ્રોઝન ડેઝર્ટ્સને રિયલ આઇક્રીમના નામે સપ્લાય કરવામાં આવી રહ્યા હોવાની જાણકારી મળી છે. હવે આરોગ્ય વિભાગ આ સંદર્ભે ટૂંક સમયમાં અસરકારક કામગીરી માટે પગલાં લેવા જઇ રહી છે.

છેલ્લા કેટલાક સમયથી જાહેર આરોગ્ય સામે સંભવિત ગંભીર ખતરા અને રોગ સંદર્ભે આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરાયેલા સર્વેમાં માલુમ પડ્યું કે, જંક ફૂડના વધતાં જતાં ચલણની સાથોસાથ એમાં વપરાતા પનીર, ચીઝ અને બટરમાં ખાદ્ય અને અખાદ્યતેલ, અન્ય કેમિકલ્સ, ડિટર્જન્ટ વગેરેના ઉપયોગ થઇ રહ્યા છે. એક તરફ રાજ્ય ડેરી ક્ષેત્રે નામના ધરાવે છે અને અમુલ બ્રાન્ડ હેઠળ વર્ષે ડેરીઓમાં દૂધ ભરતા પશુપાલકોને સવા લાખ કરોડથી વધુની કમાણી થઇ રહી છે તેમ છતાંય બ્રાન્ડેડ પનીર, દૂધ, બટર અને ચીઝના વેચાણના પ્રમાણમાં વપરાશમાં ઘણો તફાવત રહે છે. આથી આરોગ્ય વિભાગ હેઠળના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા વિવિધ રેસ્ટોરન્ટ્સ, રેંકડીઓ, હોટેલ્સ તેમજ કેટરર્સ દ્વારા પિરસાતા આવી ખાદ્ય ચીજોના નમુના લેવામાં આવ્યા હતાં. આ નમુનાઓમાં ખરેખર દૂધમાંથી બનતા પનીર અને મોટાભાગની હોટેલ્સ, રેસ્ટોરાંમાં પિરસાતા પનીર, ચીઝ, બટરમાં દૂધના પ્રમાણ નહીવત અને અન્ય જોખમી તત્વોનું પ્રમાણ મોટા પાયે મળી આવતાં આરોગ્યમંત્રી પ્રફુલ્લ પાનશેરીએ આરોગ્ય વિભાગને તાકીદે સૂચના આપી હતી. આથી રાજ્યથી માંડીને દરેક મહાનગરો, નગરો અને ગ્રામ્ય વિસ્તારોમાં દરોડા પાડવામાં આવ્યા હતા.

રાજકોટ, અમદાવાદ, સુરત, જામનગર, જૂનાગઢ, જામનગર સહિતના મોટા શહેરો અને નજીકના ગ્રામ્ય વિસ્તારોમાંથી એનાલોગ પનીર, ચીઝ અનેબટર બનાવવાના રીતસરના કારખાનાઓ, ફેક્ટરીઓ ઝડપાઇ હતી. આવી જ સ્થિતિ હમણાં દિવાળી પૂર્વેના દિવસોમાં વ્યાપક પ્રમાણમાં માવાનો જથ્થો અમદાવાદમાંથી ઝડપાયો હતો.

ભારતીય વાયુસેનાના IL-76 વિમાનનું ઐતિહાસિક લેન્ડિંગ



(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૮ : ભારતીય વાયુસેનાએ ઊંચાઈવાળા વિસ્તારોમાં હવાઈ પરિવહન ક્ષમતાના ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. વાયુસેનાના વિશાળ હેવી લિફ્ટ ટ્રાન્સપોર્ટ વિમાન IL-76 MDએ લદ્દાખના ન્યોમા એરફિલ્ડ પર આશરે ૧૩,૬૨૯ ફૂટની ઊંચાઈએ સફળતાપૂર્વક લેન્ડિંગ કર્યું છે. આ સિદ્ધિને ભારતીય વાયુસેનાના અત્યંત પડકારજનક હિમાલયી વિસ્તારોમાં પરિવહન કામગીરીના ઇતિહાસમાં મહત્ત્વપૂર્ણ ઘટના તરીકે જોવામાં આવી રહી છે.

ભારતીય વાયુસેનાએ સોશિયલ મીડિયા મારફતે આ સફળતાની જાણકારી આપતાં જણાવ્યું હતું કે, IL-76 MD વિમાને ન્યોમા એરફિલ્ડ પર સફળ લેન્ડિંગ કરીને નવી સિદ્ધિ નોંધાવી છે. આ પ્રકારના ભારે પરિવહન વિમાનનું આટલી ઊંચાઈએ સંચાલન કરવું અત્યંત પડકારજનક માનવામાં આવે છે.

પૂર્વ લદ્દાખમાં આવેલું ન્યોમા એરફિલ્ડ ભારત માટે વ્યૂહાત્મક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે. આ વિસ્તાર ચીન સાથેની વાસ્તવિક અંકુશ રેખા (LAC) નજીક આવેલો હોવાથી અહીં હવાઈ પરિવહન અને લશ્કરી લોજિસ્ટિક્સની સુવિધાઓનું વિશેષ મહત્ત્વ છે. ભારે પરિવહન વિમાનોની કામગીરીથી સૈનિકો, જરૂરી સાધનો અને પુરવઠો પહોંચાડવાની ક્ષમતાને નવી મજબૂતી મળી શકે છે. સમુદ્ર સપાટીથી આશરે ૧૩,૬૨૯ ફૂટની ઊંચાઈએ હવાનું દબાણ અને ઘનતા પ્રમાણમાં ઓછી હોય છે. આવી સ્થિતિમાં વિમાનના એન્જિનની કામગીરી, પાંખો દ્વારા ઉત્પન્ન થતું લિફ્ટ અને ટેકઓફ તથા લેન્ડિંગની પ્રક્રિયા વધુ પડકારજનક બને છે. ખાસ કરીને ભારે વજન ધરાવતા પરિવહન વિમાનો માટે આવી પરિસ્થિતિમાં સંચાલન કરવા વિશેષ આયોજન અને કુશળતાની જરૂર પડે છે.

IL-76 MD રશિયન બનાવટનું ચાર એન્જિન ધરાવતું ભારે પરિવહન વિમાન છે. ભારતીય વાયુસેનામાં તેને ગજરાજ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ વિમાનનો ઉપયોગ સૈનિકો, લશ્કરી સાધનો, ભારે વાહનો અને અન્ય જરૂરી સામગ્રીના પરિવહન માટે થાય છે. આ વિમાનની મુખ્ય વિશેષતાઓમાં તેની અંદાજે ૪૦થી ૫૦ ટન સુધીની વહન ક્ષમતા, લાંબા અંતરની ઉડાન ભરવાની ક્ષમતા અને ભારે લશ્કરી સામગ્રીનું પરિવહન કરવાની ક્ષમતાનો સમાવેશ થાય છે. તેની મહત્તમ ઝડપ આશરે ૮૫૦ કિલોમીટર પ્રતિ કલાક છે. ન્યોમા એરફિલ્ડ પરની આ સફળ કામગીરીથી ભારતીય વાયુસેનાની ઊંચાઈવાળા અને દુર્ગમ સરહદી વિસ્તારોમાં પરિવહન ક્ષમતાને નવી દિશા મળવાની શક્યતા છે.

જાહેર સૂચના

હું, અગાઉ કુ. હાર્દિકા દુષ્યંત સોની તરીકે ઓળખાતી, પરમ પ્રમાણ દર્શન, નેશનલ હાઈવે નં. ૪૮, પારડી, વલસાડ, ગુજરાત ખાતે રહેતી, આથી જણાવું છું કે સંન્યાસ દીક્ષા પ્રાપ્ત કરી હોવાથી મારું નામ હવે ' *સ્વામિની અસીમાનંદ સરસ્વતી' કરવામાં આવ્યું છે. હવેથી, બધા હેતુ માટે સ્વામિની અસીમાનંદ સરસ્વતી' તરીકે ઓળખાઈશ.

તારીખ:
સ્થળ: ગુજરાત

લિ.
સ્વામિની અસીમાનંદ સરસ્વતી

જાહેર સૂચના

હું, અગાઉ કુ. અવની દીપક દાવડા તરીકે ઓળખાતી, પરમ પ્રમાણ દર્શન, નેશનલ હાઈવે નં. ૪૮, પારડી, વલસાડ, ગુજરાત ખાતે રહેતી, આથી જણાવું છું કે સંન્યાસ દીક્ષા પ્રાપ્ત કરી હોવાથી મારું નામ હવે ' *સ્વામિની પૂર્ણાનંદ સરસ્વતી' કરવામાં આવ્યું છે. હવેથી, બધા હેતુ માટે સ્વામિની પૂર્ણાનંદ સરસ્વતી' તરીકે ઓળખાઈશ.

તારીખ:
સ્થળ: ગુજરાત

સ્વામિની પૂર્ણાનંદ સરસ્વતી

RADHA MADHAV CORPORATION LIMITED

CIN: L74950DD2005PLC003775 |
Reg. Office: Survey No 50/9 Adaman Industrial Estate Village Kadaiya, Nani Daman, Daman And Diu, India, 396210.
Website: www.rmclindia.co.in | Email ID: rmcl@rmclindia.co.in

EXTRACT OF UNAUDITED STANDALONE FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED SEPTEMBER 30, 2026

Rs (in million)

Sr. No.	Particulars	Quarter ended 30-Sep-26 Unaudited	Half Year ended 30-Sep-26 Unaudited	Quarter ended 30-Sep-25 unaudited
1	Total Income from Operations	3.31	5.9	3.98
2	Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items#)	0.41	-7.09	-7.96
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items#)	0.41	-7.09	-7.96
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items#)	0.41	-7.09	-7.96
5	Total Comprehensive Income for the period (after tax)	0.41	-7.09	-7.96
6	Equity Share Capital (Face Value of Re. 1/- each)	78.10	78.10	78.10
7	Earnings Per Share (of Re. 1/- each) (for continuing and discontinued operations) -			
	1. Basic :	0.01	-0.91	-0.10
	2. Diluted :	0.01	-0.91	-0.10

Notes:
The above is an extract of the detailed format of Standalone financial results for the quarter ended on September 30, 2026 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Standalone and Consolidated results for the quarter ended on September 30, 2026 are available on the websites of the Stock Exchanges (www.nseindia.com / www.bseindia.com) and the Company's website (www.www.rmclindia.co.in)

Date: November 7, 2026
Place: Mumbai

RADHA MADHAV CORPORATION LIMITED
sd/-
Nitin Jain
Whole Time Director and CFO
DIN: 09833381







Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઇ
खार कुवे की सफाई

TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING

પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.

Contact: 99046 44348, 98247 28200

કરવડ નાશિક રોડ પર બાઈક અડફેટે સાયકલ ચાલકનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૮ : કરવડ નાશિક રોડ પર માઈલસ્ટોન ઈન્ડસ્ટ્રીયલ પાર્કના ગેટ સામે સ્પ્લેન્ડર બાઈક ચાલકે સાયકલ સવારને અડફેટે લેતા ગંભીર ઈજાગ્રસ્ત યુવકનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. આ અંગે મૃતકના ભાઈએ વાપી ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગત તા. ૩૧/૧૦/૨૦૨૬ના રોજ રાત્રે ૮.૩૦ વાગ્યાના સુમારે મોહંમદ ઈશાક ખાન નોકરીથી સાયકલ લઈને ઘરે પરત આવી રહ્યા હતા. ત્યારે કરવડ નાશિક રોડ પર માઈલસ્ટોન ઈન્ડસ્ટ્રીયલ પાર્કના ગેટ સામે GJ-15-ED-4576 નંબરની સ્પ્લેન્ડર મોટરસાયકલના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી સાયકલને ટક્કર મારી હતી.

RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
CBSE AFFILIATED - 430373
unleash your true potential
VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2027-2028
Nursery to Std. 10
13th Year Anniversary
SPECIAL OFFERS
FREE Textbooks
From Nursery to Std 10
Sports – Table Tennis
Library & Reading Room
Creative Learning & Activity
Fun with Numbers
Science Lab
LCD Class Rooms
Additional Curriculum features
1 English Conversation & Phonics for Fluency
2 Personality development & Memory Boosting techniques.
3 innovative clubs for Std 6 to 10
4 Indoor Sports Activities for std Nursury to std 10
5 Mental and Vedic Maths for Std 1 to 5
6 AI and Coding for Jr KG to Std 10
Admission forms available
All working days
At school's office
vidyadham4@gmail.com
www.vidyadhamschoolvapi.in
9725295578/ 9081807258/ 9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191
Learn · Grow · Achieve Together

દિવાળી અને નૂતન વર્ષ નિમિત્તે હાર્દિક શુભેચ્છા
સોના ચાંદીની ચમકથી ઝળહળી ઉઠે આપનું જીવન, ખુશીઓથી ભરાઈ જાય આગણું
મહક જ્વેલર્સ
• 91.6 ના ફ્રેન્ચી દાગીના બનાવનાર તથા શુદ્ધ ચાંદીના અને 23 KDM ના સોનાના દાગીના તૈયાર મળશે
સંજયભાઈ મો. ૯૯૯૮૮૫૯૨૧૩ / ૯૪૨૮૭૧૩૪૬૭
યુનીયન બેંકની પાસે, બજાર રોડ, વાપી - ૩૯૬૧૯૧

આપને તથા આપના પરિવારને
સુખમય, સમુદ્ધિમય, આરોગ્યમય, યશસ્વી
નિવડે તેજ પ્રભુ પાસે પ્રાર્થના સહ...
દિવાળી અને નૂતનવર્ષઅભિનંદન
શ્રી વલસાડ વિભાગ
ખેડૂત સમાજ

R3 CROP CARE PRIVATE LIMITED
(Group Company of SML Limited)
દિવાળી અને નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ
Happy Diwali & Prosperous New Year
આ પાવન પર્વે આપના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આરોગ્યની અખૂટ કૃપા વરસે તેવી શુભકામનાઓ...
Factory : Plot No. 72 & 73, 'J' Type Area, 1st Phase, GIDC, Vapi - 396 195, Gujarat (India) | Tel. No.: +91 260 2420773 / 2401391
E-mail : infovapi@r3cropcare.in | CIN No.: U24210MH1992PTC066957

આનંદ માણો, રોમાંચ અનુભવો અને યાદો બનાવો...
વાપી કાર્નિવલ મેળો
૯ નવેમ્બરથી શરૂ
સમય: સાંજે ૫:૦૦ વાગ્યાથી
ફિશ ટનલ
જળપરી શો
સ્કુબા ડાઈવિંગ
લંડન સ્ટ્રીટ
શોપિંગ આઈટમ્સ
ફૂડ સ્ટોલ
રમતો અને રાઈડ્સ
મુક્તાનંદ માર્ગ, ચલા, વાપી- દમણ મેન રોડ

દિવાળી તથા નવા વર્ષની
હાર્દિક શુભકામનાઓ
શ્રી પંકજભાઈ ઉર્ફે લાલો પટેલ
સરપંચ શ્રી
ડુંગરી ગામ પંચાયત
તા. જી. વલસાડ

નેમિનાથ ટ્રેડર્સ
ખીલા વાયર વેલ્ડમેસ
ખીલી હુક જાળી નટબોલ્ટ
ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 /
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

GK LOWPRICE SUPER STORE
SINCE 1999, Serving with Care
Happy Diwali & Happy New Year
May the festival of lights bring joy, health, prosperity and new beginnings for you and your family.
Shop No, 6, 7, 8, Bhanu Kiran Complex, Gunjan, Vapi – 396195 | 7096223366

गांधी जयंति के अवसर पे
खादी पे 30 % और
सील्क, वोलेन पे 20 % की छुट
"खादी तन की शान है, सत्य मन की पहचान है; मेहनत मेरा धर्म है, भारत मेरी जान है।"
02-10-2026 to 02-11-2026
100 % NATURAL
HANDMADE
SUPPORT INDIAN ARTISANS
GANDHI ASHRAM
KHADI
ONE BRAND FOR NATURE | PURE | INDIAN | SUSTAINABLE
Mob. No. 9998517995
G-3, Ground Floor, Shopper Stop, Imran Nagar, Silvassa Road, Vapi, Gujarat - 396 191

MAA RESIDENCY
PREMIUM LIVING
દિવાળી અને નૂતન વર્ષ ના અભિનંદન
MAA RESIDENCY

JW JODHPUR WALA
SWEETS AND BAKERY
TASTE OF HERITAGE
HAPPY DIWALI & PROSPROUS NEW YEAR
OUR SPECIALITY
* Dairy Product * Pure Ghee Swe
Mawa Sweets
* Kaju Sweets I Bengali Sweets
* Shrikhand I Mattho I Rabadi
* Namkeen I Mango Pulp
* Sugar Free Sweets
* Fast Food
H.Rajpurohit
Mob. 8128927777, 7041229225, 0260 2979225
Jodhpurwala_vapi, jodhpurwala@gmail.com
Raymond Circle, Beside Mangalmurit, Chharvada Road, Vapi- 396195
Chala : Shop No. 1, Tirupati Plaza, Daman Road, Chala, Vapi-396191
Mo. 8200434506, 7046106000, 8306927777

OWNER : Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**